કામકાજનો ટૂંકો અહેવાલ

# બારમી ગુજરાત વિધાનસભા

## દશમું સત્ર

**(તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ થી ૩૦મી માર્ચ, ૨૦૧૨)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૨**

C:\Users\admin.admin-PC\Desktop\kamkaj no tu ko aheval\tenth\KAMKAJ NO TU KO AHEVAL 10TH.docx

## <u>પ્ર સ્તા વ ના</u>

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના દશમા  સત્રમાં **તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ થી ૩૦મી માર્ચ, ૨૦૧૨** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :૨૨–૦૬–૨૦૧૨

## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| ૧. | બારમી ગુજરાત વિધાનસભાના દશમા સત્ર **(તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ થી ૩૦મી માર્ચ, ૨૦૧૨)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક :૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ | રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૧૨–૧૩ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ | સન ૨૦૧૧–૧૨ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ | નિયમ–૧૦૩ | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ | ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ | ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| ૧૯. | પત્રક ક્રમાંક : ૧૮ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| ૨૦. | પત્રક ક્રમાંક : ૧૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૨૧. | પત્રક ક્રમાંક :૨૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૨. | પત્રક ક્રમાંક : ૨૧ | બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| ૨૩. | પત્રક ક્રમાંક : ૨૨ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૪. | પત્રક ક્રમાંક : ૨૩ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૫. | પત્રક ક્રમાંક : ૨૪ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૬. | પત્રક ક્રમાંક : ૨૫ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૭. | પત્રક ક્રમાંક : ૨૬ | શોકદર્શક ઉલ્લેખ | |

# બારમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રારંભિકઃ–**

બારમી ગુજરાત વિધાનસભાનું દશમું સત્ર ગુરૂવાર, તા.૨૩–૨–૨૦૧૨ના રોજ શરૂ થયુ હતું અને શુક્રવાર, તા.૩૦–૩–૨૦૧૨ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદત માટે મુલતવી રહયું હતું અને ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૫ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨૯ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૮૯ કલાક અને ૩૪ મિનિટ કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૩ કલાક અને ૫ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન–સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ, સંકલ્પો તથા પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧**માં આપવામાં આવી છે.

## ૨. ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક–૨**માં આપવામાં આવેલ છે.

## ૩. હાજરીઃ–

સત્ર દરમિયાન ૨૯ બેઠકોમાં વધારેમાં વધારે હાજરી ૧૩૫ અને ઓછામાં ઓછી હાજરી ૭૫ હતી અને સરેરાશ હાજરી ૧૨૩ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :–૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :–૪** માં આપવામાં આવી છે.

## ૪. રાજયપાલશ્રીનું સંબોધનઃ–

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે રાજયપાલ શ્રીમતી કમલાએ ગુરૂવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દી ભાષામાં સંબોધન કર્યું હતું. તે જ દિવસે સભ્યશ્રી દેવુસિંહ જેસિંગભાઈ ચૌહાણે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું સભ્ય વિજયભાઈ રમેશભાઈ પટેલે સમર્થન કર્યું હતું. નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભાગૃહમાં તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨, તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૨ અને તા. ૧લી માર્ચ,૨૦૧૨ એમ કુલ ત્રણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં કુલ–૧૨ સભ્યોએ ભાગ લીધો હતો. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કુલ–૪૩ સૂચનાઓ મળી હતી. જેમાંથી ૩૫ સુધારાની સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. તે પૈકી ૨૯ સભ્યશ્રીઓએ તેમના સુધારા સભાગૃહમાં રજૂ કર્યા હતા જયારે ૫ સુધારા સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે રજૂ થઈ શકયા ન હતા. ચર્ચાના અંતે સભાગૃહે આભાર પ્રસ્તાવ મૂળ સ્વરૂપે પસાર કર્યો હતો.

## ૫. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોઃ–

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા.૨૪/૨/૨૦૧૨ થી તા.૩૦/૩/૨૦૧૨ સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ–૧ તારાંકિત પ્રશ્નોની કુલ–૮૬૭૮ અને અતારાંકિત પ્રશ્નોની કુલ–૧૪૫૬ સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંકઃ–૫, ૬, ૭ અને ૮** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની મૌખિક ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંકઃ–૯**માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–૬૩૩૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૯૦ તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી ૧૨૫ પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦–૫૦ ની એક એવી ૧૦ યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે ૧૧૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

**૬. પ્રશ્નોત્તરીને લગતી માહિતી:–**

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ–૨૪ યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીમાં કુલ–૧૪૪ પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

**૭. અરધા કલાકની ચર્ચા માટેની સૂચના:–**

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની ૪ સૂચના મળેલ હતી જે પૈકી એકપણ સૂચના દાખલ થઈ ન હતી.

**૮. સરકારી વિધેયકો :–**

૧. દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન સભાગૃહમાં કુલ ૧૫ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા.**(પત્રક ક્રમાંક :–૧૦)**

૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૧૫ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક :–૧૧)**

**વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ૦૮ |
| ૨. | નવા વિધેયકો | ૦૨ |
| ૩. | અન્ય વિધેયકો | ૦૫ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ૦૫ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ૦૩ |
| ૩. | શિક્ષણને લગતા | ૦૭ |
| ૪. | અન્ય વિધેયકો | ૦૦ |

**૯. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં પુનઃવિચારણા કરી પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૪ અને નવમા સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળેલ હતી , તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક–૯ , ૨૭ , ૩૯ અને ૪૦ તેમજ ચાલુ દસમા સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક ૩, ૫, ૬ અને ૮ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંક:–૧૨)**

**૧૦. નાણાકીય કામકાજ :–**

**(૧) અંદાજપત્ર:**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૧૦,૧૭,૧૧,૭૨,૯૦,૦૦૦/– નું અંદાજપત્ર શુક્રવાર તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૮,૨૬,૮૦,૩૦,૩૩,૦૦૦/–અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૯૦,૩૧,૪૨,૫૭,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૬, ૭, ૧૨ અને ૧૩મી માર્ચ, ૨૦૧૨ના રોજ એમ કુલ ૪ દિવસો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૬ અને ૨૭મી માર્ચ, ૨૦૧૨ના રોજ એમ **કુલ ૧૧** દિવસો દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ **૧૦૮** માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૭** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(જુઓ પત્રક ક્રમાંકઃ–૧૩)** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જયારે બાકીની **૫૧** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) કાપદરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર **કુલ ૬૩૭** કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી **૬૩૬** કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. **૧** કાપદરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી **૬૩૬** કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ **૪૫૩** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી **૨૫૨** કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૨ બુધવાર, તા.૨૮–૩–૨૦૧૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્અનુસાર કુલ **૨૨** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા. પરંતુ મુદ્દા આપનાર વિપક્ષી સભ્યશ્રીઓના સસ્પેન્શનના કારણે સભાગૃહે મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા વિના વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :–**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેનું કુલ રૂા.૫૦,૪૯,૧૦,૦૬,૦૦૦/– ના ખર્ચનું પૂરક પત્રક શુક્રવાર તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. તેમાં મતપાત્ર રકમ રૂા. ૪૮,૪૦,૭૫,૧૯,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૨,૦૮,૩૪,૮૭,૦૦૦ હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૭૫ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(જુઓ પત્રક ક્રમાંકઃ–૧૪)** પસંદ થયેલી આ માગણીઓ પર **તા. ૨–૩–૨૦૧૨ તથા તા. ૫–૩–૨૦૧૨** એમ કુલ–૨ દિવસ ચર્ચા કરવામાં આવી હતી અને જે પસાર કરવામાં આવી હતી. જયારે બાકી રહેલી **૬૫** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ગ) કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર કુલ **૯૮** કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. તેમાંથી ૮૫ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૧૩ કાપ દરખાસ્તો નામંજૂર કરવામા આવી હતી. દાખલ કરવામાં આવેલી **૮૫** કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનામાં સભ્યશ્રીઓનાં નામ જોડાતાં કુલ **૩૬** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે બધી જ સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ૨૦૧૨ સોમવાર, તા. ૧૨–૩–૨૦૧૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું તદ્નુસાર કુલ **૬** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જેમાંથી **૧** મુદ્દો નામંજૂર રાખવામાં આવ્યો અને બાકીના **૫** મુદ્દા મંજૂર રાખવામાં આવ્યા હતા. આ મુદ્દાઓની ચર્ચાના અંતે પૂરક વિનિયોગ વિધયેક સભાગૃહે પસાર કર્યુ હતું.

**(૩) વધારાના ખર્ચના પત્રકોઃ–**

**(ક) રજૂઆત :**

સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચનાં પત્રકો શુક્રવાર તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. જેમાં નીચે જણાવેલ રકમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

| ક્રમ | વર્ષ | મતપાત્ર રકમ | બિન મતપાત્ર રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૬–૧૯૯૭ | ૫,૦૭,૭૦,૨૯,૧૮૬ | ૨૬,૫૭,૦૩,૭૧૦ | ૫,૩૪,૨૭,૩૨,૮૯૬ |
| ૨ | ૧૯૯૭–૧૯૯૮ | ૭,૩૩,૮૯,૯૫,૯૬૨ | ૪૮,૬૬૭ | ૭,૩૩,૯૦,૪૪,૬૨૯ |
| ૩ | ૧૯૯૮–૧૯૯૯ | ૯,૫૧,૯૫,૭૩,૮૩૪ | ૨૯,૩૦,૯૩૬ | ૯,૮૧,૨૬,૬૫,૭૭૦ |

**(ખ) વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન તથા વિનિયોગ વિધેયકો**

સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષના વધારાના ખર્ચના પત્રકોમાંની માગણીઓ ઉપર મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૨(પહેલી બેઠક)ના રોજ ચર્ચા અને મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. વધારાના ખર્ચના પત્રકોમાં સમાવિષ્ટ તમામ માગણીઓ કોઈપણ પ્રકારની ચર્ચા કર્યા સિવાય સભાગૃહે પસાર કરી હતી. ત્યારબાદ બુધવાર, તા ૨૮મી માર્ચ, ૨૦૧૨ના રોજ સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષના વધારાના ખર્ચની માગણીઓને લગતા ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં અને કોઈપણ જાતની ચર્ચા કર્યા વગર સભાગૃહ દવારા તે પસાર કરવામાં આવ્યાં હતાં.

**૧૧. અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા બાબતનો પ્રસ્તાવ ( નિયમ –૧૦૩):–**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા ( સિધ્ધાર્થ પટેલ, મોહનસિંહ રાઠવા અને બાવકુભાઈ ઉંધાડ) અને અન્ય ૧૬ સભ્યશ્રીઓએ નિયમ –૧૦૩ અન્વયે અધ્યક્ષને અધ્યક્ષ પદેથી દૂર કરવાને લગતા પ્રસ્તાવની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. આ બાબતને નિયમાનુસાર તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ સભાગૃહે પરવાનગી આપવા માટે દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવી તે દિવસે પ્રભારી સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલા હોઈ કોઈપણ સભ્ય પ્રસ્તાવને પરવાનગી આપવાની તરફેણમાં ઉભા ન થતાં ઉકત પ્રસ્તાવને રજૂ કરવાની સભાગૃહની પરવાનગી મળી ન હતી **(પત્રક ક્રમાંકઃ–૧૫)**

**૧૨. ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–**૧૭** સૂચનાઓ મળી હતી, જે બધી સૂચના દાખલ કરવામાં આવી હતી. તેમાંથી **૩** સૂચના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯૪(૪) મુજબ રદ થઈ હતી અને એક સૂચના માનનીય મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવી હતી.દાખલ થયેલી

બાકીની સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી.**(પત્રક ક્રમાંકઃ–૧૬)**

**૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૧૮ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ તા.૨૩–૩–૨૦૧૨ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી વસંતકુમાર ભટોળે " પછાત વર્ગોને સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની જોગવાઈ કરવા બાબત" ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉકત પસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૩૦–૩–૨૦૧૨ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૪. સભા મોકૂફીના પ્રસ્તાવો (નિયમ–૧૦૮):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ અન્વયે **" સંખેડામાં થયેલ લઠ્ઠાકાંડ અંગે" અને "કેગના રિપોર્ટ અંગે "** એમ કુલ ૨ (બે) સૂચનાઓ મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

**૧૫. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ– **૮૫** સૂચનાઓ મળી હતી. તેમાંથી ૧૧ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૭૪ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ થયેલ ૧૧ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડી એકત્રિત કરતાં કુલ ૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, જે પૈકી ત્રણ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. પ્રભારી સભ્યશ્રીઓ ગૃહની સેવામાથી સસ્પેન્ડ થયેલ હોવાથી એક સૂચના ગૃહમાં રજૂ થઈ શકી ન હતી. **(પત્રક ક્રમાંકઃ–૧૭)**

**૧૬. નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતાં પાંચ નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંકઃ–૧૮)**

**૧૭. બિન–સરકારી વિધેયકો :–**

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો :–

અગાઉના સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવા કુલ ૧૯ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી હતા આ સત્રમાં તા.૧–૩–૨૦૧૨, તા.૧૫–૩–૨૦૧૨ અને તા.૨૯–૩–૨૦૧૨ એમ કુલ ત્રણ દિવસો બિન–સરકારી વિધેયકો માટે ફાળવવામાં આવ્યા હતા તા. ૧–૩–૨૦૧૨ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા તે પૈકી ત્રણ વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા. તા. ૧૫–૩–૨૦૧૨ના રોજ ચાર બિન સરકારી વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા તે પૈકી ૧ વિધેયક ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યું હતું અને ત્રણ વિધેયકોના પ્રભારી સભ્યોની અનુપસ્થિતિને કારણે હાથ ધરી શકાયાં ન હતાં. તા. ૨૯–૩–૨૦૧૨ના રોજ ચાર બિન સરકારી વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા તે પૈકી બે વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા અને બે વિધેયકોના પ્રભારી સભ્યોની અનુપસ્થિતિને કારણે હાથ ધરી શકાયા ન હતા. આમ સત્ર દરમિયાન કુલ ૬ વિધેયકો હાથ ધરવામાં આવ્યા હતા **( પત્રક ક્રમાંકઃ– ૧૯)** સત્રાંતે કુલ– ૧૩ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયા હતા. **( પત્રક ક્રમાંકઃ–૨૦)**

**૧૮. બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭):–**

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૭–૩–૨૦૧૨ અને તા.૨૨–૩–૨૦૧૨ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૭–૩–૨૦૧૨ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૨૪ સૂચનાઓ મળી હતી. તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે ત્રણેય દાખલ કરવામાં આવી

હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને ત્રીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પ મત ઉપર મૂકાતાં તેનો સભાગૃહ દવારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો જયારે ત્રીજા સંકલ્પનો સભાગૃહ દવારા વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૨૨–૩–૨૦૧૨ના રોજના બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૧૫ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે બન્ને સંકલ્પોનો સભાગૃહ દવારા વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યા હતો. **(પત્રક ક્રમાંકઃ–૨૧)**

## ૧૯. ઔચિત્ય ભંગઃ–

ઔચિત્યભંગના બે બનાવો બન્યા હતા.

## ૨૦. વિશેષાધિકાર ભંગના પ્રશ્નોઃ–

સત્ર દરમિયાન વિશેષાધિકારભંગની ૪ સૂચના મળેલ હતી જેમાંથી એક નામંજૂર કરવામાં આવી હતી. એક સૂચના માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ છે અને બે સૂચના વિશેષાધિકાર સમિતિને તપાસ માટે સોંપવામાં આવેલ છે.

## ૨૧. સભાગૃહના અવમાનના કિસ્સાઃ–

(૧) તા.૨૯/૨/૨૦૧૨ના રોજ માન. અધ્યક્ષશ્રીએ આપેલ રૂલીંગ છતાં માન. વિરોધપક્ષના નેતાશ્રીએ સભાગૃહની માફી માગવી જોઈએ તેવુ રૂલીંગ આપવા છતાં માન. વિરોધપક્ષના નેતાશ્રીએ માફી ન માગતા તેઓશ્રીની આ પ્રકારની વર્તણૂંક માન.અધ્યક્ષશ્રીના નિર્ણયના અનાદર અને ગૃહના અપમાન બરાબર હોવાથી માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ માન.વિરોધપક્ષના નેતાશ્રી માફી ન માગે ત્યાં સુધી અથવા વિધાનસભાનું ચાલુ સત્ર પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની સેવામાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને માન. વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલે ટેકો આપતાં સભાગૃહ ધ્વારા પ્રસ્તાવ બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો. તદ્નુસાર માન. વિરોધપક્ષના નેતાશ્રીને ચાલુ સત્રના (દસમાં સત્રના) અંત સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૨) તા.૨૧/૩/૧૨ના રોજ મુલતવી રહેલ સભાગૃહ બપોરે ૧–૦૦ વાગે શરૂ થયા બાદ વિરોધ પક્ષના સભ્યશ્રીઓ તરફથી ગૃહમાં સુત્રોચ્ચાર કરી વર્તમાનપત્રોમાં છપાયેલ અહેવાલોનું પ્રદર્શન કરતાં તેમજ માન. અધ્યક્ષશ્રીની વારંવાર વિનંતી છતાં વિરોધ પક્ષના સભ્યો તરફથી સતત સુત્રોચ્ચાર ચાલુ રહેતા, માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાની માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી તેમજ વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને ગૃહની આજના દિવસની એટલે કે તા. ૨૧/૩/૧૨ની બેઠકમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે સભાગૃહ સમક્ષ મુકતાં સભાગૃહે તે પસાર કરતાં વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૩) તા. ૨૨/૩/૧૨ના રોજ મુલતવી રહેલ સભાગૃહ બપોરે ૩–૩૦ વાગે શરૂ થયા બાદ બિન સરકારી સંકલ્પની રજુઆત વખતે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ તરફથી ગૃહમાં સુત્રોચ્ચાર કરી તથા કાગળો ઉછાળીને ગૃહની કાર્યવાહીમા વારંવાર ખલેલ પહોંચાડવામાં આવતા, માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાની માન. સભાપતિશ્રીને વિનંતી કરી હતી. માન. સભાપતિશ્રીએ વિરોધપક્ષના દેખાવો કરી રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માન.સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને ગૃહની તે દિવસની એટલે કે તા. ૨૨/૩/૧૨ની બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. સભાપતિશ્રીએ આ પ્રસ્તાવ મત માટે સભાગૃહ સમક્ષ મુકતાં અને સભાગૃહે તે પસાર કરતાં વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૪) તા. ૨૩/૩/૨૦૧૨ ના રોજ ૯–૪૦ કલાકે સભાગૃહની કાર્યવાહી દરમિયાન વિરોધ પક્ષના સભ્યશ્રીઓ તરફથી ગૃહમાં સુત્રોચ્ચાર કરી પ્રશ્નોત્તરીની બુકને ફાડીને ફેંકવામાં આવતા તથા ગૃહની વેલમાં આવીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા, માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાની માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી. માન. અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના દેખાવો કરી રહેલા હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માન.સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોચાડતા વિરોધ પક્ષના હાજર રહેલા તમામ

સભ્યશ્રીઓને ગૃહની તે દિવસની એટલે કે તા. ૨૩/૩/૨૦૧૨ની બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે સભાગૃહ સમક્ષ મુકતાં અને સભાગૃહે તે પસાર કરતાં વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૫) તા. ૨૬/૩/૨૦૧૨ ના રોજ બપોરના ૨–૧૫ કલાકે ગૃહની કાર્યવાહીની શરૂઆતથી જ કાળા ખેસ પહેરીને આવેલા તેમજ કાળા ખેસ પર સમાન પ્રકારે લખેલા સુત્રોનું નિદર્શન કરતાં અને સુત્રોચ્ચાર તથા દેખાવો કરતાં તેમજ માન. અધ્યક્ષશ્રીએ કાળા ખેસ ઉતારી લેવાનો આદેશ આપવા છતાં માન. અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરી રહેલ વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યોને નેઈમ કરવાની માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ, માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી. માન. અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કાળો ખેસ પહેરી દેખાવો કરી રહેલા વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને ગૃહની તે દિવસની એટલે કે તા. ૨૬/૩/૨૦૧૨ની બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે સભાગૃહ સમક્ષ મુકતાં અને સભાગૃહે તે પસાર કરતાં વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૬) તા. ૨૮/૩/૧૨ના રોજ ૧–૪૫ કલાકે સભાગૃહની કાર્યવાહી દરમિયાન, વિરોધપક્ષના સભ્યો તરફથી સતત સુત્રોચ્ચાર અને બેનરોનુ પ્રદર્શન કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવામાં આવતા માન.સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સુત્રોચ્ચાર કરીને ગૃહની કાર્યવાહીમાં અવરોધ સર્જતા વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યોને નેઈમ કરવાની માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી. માન. અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના દેખાવો કરી રહેલા તમામ સભ્યશ્રીઓને નેઈમ કર્યા હતા. ત્યારબાદ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા વિરોધ પક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને તા. ૩૦/૩/૨૦૧૨ સુધી ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે સભાગૃહ સમક્ષ મુકતાં અને સભાગૃહે તે પસાર કરતાં વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યોને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે તા. ૩૦/૩/૨૦૧૨ સુધી સભાગૃહની કાર્યવાહીમાથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

(૭)તા. ૩૦/૩/૧૨ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યો સર્વશ્રી જોધાજી ઠાકોર, અમિતકુમાર ચાવડા, રાજેન્દ્રસિંહ પરમાર અને પરંજયાદિત્યસિંહજી પરમાર કેગનો રિપોર્ટ જાહેર કરો એવા બેનરો સાથે ગૃહની વેલમાં ધસી આવતાં માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને નિયમ–૫૧ નીચે ગૃહમાંથી દૂર કરવાનો સાર્જન્ટને આદેશ કરતાં આ સભ્યોને સભાગૃહની તે દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

## ૨૨. પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–

સત્ર દરમ્યાન કુલ ૨૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧૯ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા અને ૬ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા. એટલે કે ૭૬ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય અને ૨૪ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા.

## ૨૩. યાદગાર બનાવોઃ–

### ૧. વિરોધપક્ષના નેતાશ્રીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો બનાવઃ–

તા.૨જી માર્ચ, ૨૦૧૨ના રોજ મળેલા વિધાનસભાગૃહમાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂઆત કરી હતી કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તા.૨૯–૨–૨૦૧૨ના રોજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી સામે કરેલ અંગત આક્ષેપ બદલ માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગવા નિર્ણય આપ્યો હોવા છતાં હજુ સુધી તેઓશ્રીએ ગૃહની માફી માંગી નથી અને માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એમ જણાવેલ છે. આ પ્રકારની તેઓશ્રીની વર્તણૂંક અધ્યક્ષશ્રીના નિર્ણયના અનાદર અને ગૃહના અવમાન સમાન છે. આથી તેઓશ્રીને ગૃહની માફી માગે નહીં ત્યાં સુધી અથવા ચાલુ સત્રની સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. માનનીય વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલે પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો હતો જેનો સ્વીકાર થતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ સભાગૃહ છોડી ગયા હતાં.

શ્રી ગોહિલ સત્ર સમાપ્તિ સુધી ગૃહમાં હાજર રહયા ન હતાં કે માફી માગી ન હતી. આમ તેઓશ્રીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો બનાવ બનવા પામ્યો હતો.

**૨. અધ્યક્ષશ્રીની પરવાનગી વગર ગૃહની કાર્યવાહીનું રેકોર્ડીંગ અને પ્રસારણ કરવા પર પ્રતિબંધઃ–**

તા. ર૭ી માર્ચ, ૨૦૧૨ના રોજ મળેલા વિધાનસભાગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીએ, ગૃહની કાર્યવાહીનું જીવંત પ્રસારણ ૨૦૦૧ થી સી.સી. કેમેરા મારફતે વિધાનસભા બિલ્ડીંગમાં કરવામાં આવે છે. વિધાનસભા બિલ્ડીંગ બહાર ગૃહની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કોઈપણ ચેનલ ધ્વારા અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી વગર કરી શકાતું નથી, તેમ છતાં તેઓશ્રીના ધ્યાન ઉપર આવ્યું હતું કે કેટલીક ચેનલો ધ્વારા ગૃહની કાર્યવાહીનું રેકોર્ડીંગ અને તેનું પ્રસારણ પોતાની ચેનલો પરથી તેઓશ્રીની મંજૂરી વગર અનઅધિકૃત રીતે કરવામાં આવી રહયું છે. જેનાથી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થાય છે. વિધાનસભાગૃહની કાર્યવાહીને ગૃહ બહાર કોઈપણ સ્થળે પ્રસારિત કરવા માટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી જરૂરી છે. અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લીધા વગર ગૃહની કાર્યવાહીનું આ ચેનલોએ પ્રસારણ કરી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન કરેલ છે. આથી આવી ચેનલો સામે વિશેષાધિકાર ભંગ અને અવમાનની કાર્યવાહી કરવા તેમજ, સંબંધિત ચેનલોને આવું અનઅધિકૃત રેકોર્ડીંગ અને પ્રસારણ તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપી હવે પછી આવું પ્રસારણ ચાલુ રાખવામાં આવશે તો તેવી ચેનલો સામે ગંભીર કાયદેસરના પગલાં ભરવામાં આવશે એવી માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી હતી.

**૩. માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ દિલગીરી વ્યક્ત કરી :–**

તા.૧૩મી માર્ચ, ૨૦૧૨ના રોજ મળેલ ગુજરાત વિધાનસભાગૃહની બીજી બેઠકમાં પ્રશ્નોત્તરી બાદ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તા.૧૨–૩–૨૦૧૨ના રોજ અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમ્યાન તેઓશ્રીએ કરેલ ઉચ્ચારણોથી કોઈ સભ્યશ્રીઓની લાગણી દુભાઈ હોય તો તેઓશ્રી ગૃહ સમક્ષ દિલગીરી વ્યકત કરે છે એમ જણાવ્યું હતું.

અગાઉ તા.૧૨–૩–૨૦૧૨ના રોજ અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમિયાન સભ્યશ્રી સી. કે. રાઉલજીને ઉદેશીને કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે નિયમ–૩૪ ટાંકી, પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદો ઉપસ્થિત કરી માનનીય મંત્રીશ્રી માફી માંગે તેવી માનનીય અધ્યક્ષશ્રી પાસે માંગણી કરી હતી. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રી રેકર્ડ જોઈને નિર્ણય કરશે તેમ જણાવી નિર્ણય મુલતવી રાખ્યો હતો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈને માનનીય શહેરી વિકાસ મંત્રી માફી માંગે તેવી માગણી કરતાં સતત સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં તેમજ સામે સત્તાધારી પક્ષે પણ સૂત્રોચ્ચાર કરતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ તે દિવસની સભાગૃહની બેઠક મુલતવી રાખી હતી.

તા.૧૩મી માર્ચ, ૨૦૧૨ના રોજ મળેલી ગૃહની પ્રથમ બેઠક દરમ્યાન પણ આ મુદ્દે સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠક મુલતવી રાખી હતી. આ દિવસે ગૃહની બીજી બેઠકમાં માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ દિલગીરી વ્યકત કરતા ગૃહની કાર્યવાહી આગળ ચાલી હતી.

**૪. સભાગૃહમાં સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી ધ્વારા પોતાના આઈપેડ પર અશ્લીલવીડીયો કિલપીંગ જોવા બાબતમાં સમાચારપત્રોમાં આવેલ સમાચારો અંગે સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ કરેલ અંગત ખુલાસો અને સભ્યશ્રીના અંગત ખુલાસાને ધ્યાને લઈ માનનીય અધ્યક્ષશ્રીએ બાબત વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત કરી :–**

તા.૨૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ મળેલા વિધાનસભાગૃહમાં પ્રશ્નોત્તરી યાદીનાં પ્રશ્ન અગ્રતાક્રમઃ–૧માં સભ્યશ્રી પૂરકપ્રશ્ન પૂછવા ઉભા થાય એ તબકકે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તેમ કરતાં રોકતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતપોતાના સ્થાન ઉપર ઉભા થઈ છાપાનાં કટિંગ બતાવી સતત સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં સભાગૃહમાં સૂત્રોચ્ચાર અને શોરબકોરનું વાતાવરણ સતત ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં સભાગૃહની બેઠક એક કલાક માટે મુલતવી રાખવામાં આવી હતી.

મુલતવી રહેલ સભાગૃહની બેઠક શરૂ થતાંની સાથે જ માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીને નિયમ–૪૫ હેઠળ અંગત ખુલાસો કરવા જણાવતાં સભ્યશ્રી ખુલાસો કરવા ઉભા થયા તે તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પોતપોતાના સ્થાન પર ઉભા રહી સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

આ તબકકે માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરી પાટલીઓ થપથપાવી તેમજ છાપાના કટિંગનું પ્રદર્શન કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડતા હોવાથી કોંગ્રેસપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–૫ર હેઠળ નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

જેથી માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી રહેલા કોંગ્રેસપક્ષના તમામ સભ્યોને નિયમ–૫ર હેઠળ નેઈમ કર્યા હતાં.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીએ નિયમ–૫ર હેઠળ નેઈમ થયેલા કોંગ્રેસપક્ષના તમામ સભ્યોને સભાગૃહની એ દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન આપતા પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો હતો. જેનો સ્વીકાર થતાં માનનીય અધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરાયેલા કોંગ્રેસપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી નમ્રતાપૂર્વક દૂર કરવાનો સાર્જન્ટને આદેશ આપતાં, સલામતીદળના સભ્યો ધ્વારા સભ્યશ્રીઓને દૂર કરવામાં આવ્યા હતા અને માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહની બેઠક મુલતવી રાખી હતી.

ત્યારબાદ ફરી મળેલા સભાગૃહમાં સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ, નિયમ–૪૫ હેઠળના પોતાના અંગત ખુલાસામાં જણાવ્યું હતું કે આજના અખબારોમાં મારા નામે અલગ–અલગ છાપાઓમાં બોકસ આઈટમો કરીને હું કોઈ ખરાબ પ્રકારની કલીપીંગ જોતો હતો તેવા પ્રસિધ્ધ થયેલ સમાચારો સંબંધે મારે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની છે. મેં મારા જાહેર જીવનમાં અને વિધાનસભામાં કયારેય આ પ્રકારની અશ્લીલ કે અભદ્ર કિલપીંગ જોઈ નથી. મારું આઈપેડ આપની સમક્ષ હું જમા કરાવવા માગું છું. જયારથી આઈપેડનો ઉપયોગ કર્યો છે ત્યારથી શરૂ કરીને અત્યાર સુધીમાં કોઈપણ પ્રકારે આ પ્રમાણેનું સર્ચ પણ કર્યું હોય તો હું મારું જાહેર જીવન છોડી દઈશ. હવે કોઈ વાત છૂપી રહી શકે તેમ નથી. જો મેં આજે નહીં, એક મહિના પહેલાં, બે મહિના પહેલાં કયારેય આ પ્રમાણેનું સર્ચ કર્યું હોય તો અને ડીલીટ થયું હોય તો પણ અત્યારે ફોરેન્સીક વિજ્ઞાનના જમાનામાં કોઈપણ બાબત છૂપી રહેતી નથી. મારું આઈપેડ આપની પાસે જમા કરાવું છું. મારા આઈપેડની વૈજ્ઞાનિક પધ્ધતિથી તપાસ કરાવવા અને તપાસને અંતે કોઈપણ પ્રકારની અશ્લીલ કે અભદ્ર તસ્વીરો જોવાનું ફલિત થશે તો એ માટેની સજા ભોગવવા હું તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીએ કરેલ ખુલાસાને ધ્યાનમાં લઈને આ બાબતે પ્રથમ દર્શને આ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાનનો મુદ્દો બનતો હોઈ, વિધાનસભાનાં નિયમોના નિયમ–૨૫૩(૨) હેઠળ સમગ્ર પ્રકરણની તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત કરવાની સાથે સભ્યશ્રીનું આઈપેડ વિધાનસભાના સચિવશ્રી પાસે જમા લઈ તેની એફએસએલ ધ્વારા વૈજ્ઞાનિક તપાસ માટે સોંપવાની પણ જાહેરાત કરી.

ત્યારબાદ એફએસએલ, ગાંધીનગર ધ્વારા આઈપેડની વૈજ્ઞાનિક પરીક્ષણનો અહેવાલ તા.૨૩/૩/૧૨ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીને સુપ્રત થતા, માનનીય અધ્યક્ષશ્રીએ તે જ દિવસે ગૃહમાં જાહેરાત કરી હતી કે, સભ્યશ્રી ચૌધરીના આઈપેડમાંથી ગૃહમાં ઈન્ટરનેટ સર્ફીંગ કે તેની વેબસાઈટો જોવાની બાબત સાબિત થતી નથી. આ આઈપેડમાં રેકર્ડ થયેલા ૪૧૬૨ ફોટાઓ તેમજ અન્ય સાહિત્યનું પરિક્ષણ કરતાં તેમાં અશ્લીલ, અભદ્ર કે વાંધાજનક કોઈ ફોટો કે કલીપીંગ કે રેકોર્ડીંગ જોવા મળતું નથી. ફોરેન્સીક સાયંસ લેબોરેટરી, ગાંધીનગર ધ્વારા કરવામાં આવેલ વૈજ્ઞાનિક પરિક્ષણના સંબંધમાં તેઓશ્રીને સીલબંધ કવરમાં મળેલા ત્રણ પાર્સલો અને અહેવાલ વિશેષાધિકાર સમિતિને સોંપવાની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી હતી.

## ૨૪. વિધાનસભાના સભ્યોની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નિમણૂક બાબતઃ–

તા.૨૬/૩/૨૦૧૨ના રોજ માન.અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓને ચૂંટાયેલા જાહેર કર્યા હતા.

## ૨૫. વિધાનસભાગૃહની સમિતિઓની મુદત લંબાવવા બાબતઃ–

શાસક પક્ષના મુખ્ય દંડકશ્રીએ અને વિરોધ પક્ષના દંડકશ્રીની વિનંતી માન્ય રાખીને માન.અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૧–૧૨ની ચાર નાણાકીય સમિતિઓની મુદત બારમી ગુજરાત વિધાનસભાના અંત સુધી લંબાવી આપેલ છે.

## ૨૬. સમિતિની બેઠકો:–

| અ.નં | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૨/૨/૨૦૧૨ અને ૨૬/૩/૨૦૧૨ |
| ૨ | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૮/૨/૨૦૧૨, ૫/૩/૨૦૧૨, ૧૩/૩/૨૦૧૨, ૨૦/૩/૨૦૧૨ અને ૨૭/૩/૨૦૧૨ |
| ૩ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૨૭/૩/૨૦૧૨ |
| ૪ | જાહેર સાહસો માટેની સમિતિ | ૧૪/૩/૨૦૧૧ અને ૨૨/૩/૨૦૧૨ |
| ૫ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૬/૩/૨૦૧૨ |
| ૬ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ૧૩/૩/૨૦૧૨ અને ૨૦/૩/૨૦૧૨ |
| ૭ | સદસ્ય નિવાસ સમિતિ | ૨૮/૨/૨૦૧૨ અને ૬/૩/૨૦૧૨ |

## ૨૭. સમિતિઓના અહેવાલો:–

| અ.નં. | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | સત્તરમો | ૨૩/૨/૨૦૧૨ | ૨૩/૨/૨૦૧૨ |
| | | અઢારમો | ૨૭/૩/૨૦૧૨ | ૨૭/૩/૨૦૧૨ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | અઢારમો | ૨૯/૨/૨૦૧૨ | ૨૯/૨/૨૦૧૨ |
| | | ઓગણીસમો | ૬/૩/૨૦૧૨ | ૬/૩/૨૦૧૨ |
| | | વીસમો | ૧૪/૩/૨૦૧૨ | ૧૪/૩/૨૦૧૨ |
| | | એકવીસમો | ૨૧/૩/૨૦૧૨ | ૨૧/૩/૨૦૧૨ |
| | | બાવીસમો | ૨૮/૩/૨૦૧૨ | ૨૮/૩/૨૦૧૨ |
| ૩ | જાહેર સાહસો માટેની સમિતિ | સત્તરમો | ૨૨/૩/૨૦૧૨ | – |
| ૪ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | સાતમો | ૨૮/૩/૨૦૧૨ | ૨૮/૩/૨૦૧૨ |
| ૫ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | પાંચમો | ૨૬/૩/૨૦૧૨ | – |
| ૬ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | દશમો | ૨૮/૩/૨૦૧૨ | – |

## ૨૮. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય):–

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| (૧) | સ્થાનિક ભંડોળ, હિસાબના નિરીક્ષકશ્રીનો સને ૨૦૦૬–૦૭ ના વર્ષનો જિલ્લા / તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન. | ૨૨/૩/૨૦૧૨ |
| (૨) | ગુજરાત સરકારના સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષના નાણાકીય હિસાબો ( ભાગ–૧ તથા ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |
| (૩) | ગુજરાત સરકારના સન ૨૦૧૦–૨૦૧૧ ના વર્ષનો વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |
| (૪) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦અને સન ૨૦૧૦ – ૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |
| (૫) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજિયક ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |
| (૬) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |
| (૭) | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૨ |

**૨૯. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–**

ભારતના બંધારણ અને પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ /કોર્પોરેશનના કુલ–૫૭ અહેવાલો અને ૫૧ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.**(પત્રક ક્રમાંકઃ–૨૨)**

**૩૦. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિઃ–**

બારમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા. ૩૦/૩/૨૦૧૨ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં** | **પક્ષનું નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૨૧ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૫ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૨ |
| | કુલ | ૧૮૨ |

**૩૧. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–**

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી **(પત્રક ક્રમાંક :–૨૩)** માં આપવામાં આવી છે.

**૩૨. રોજેરોજના કામકાજનો સારાંશઃ–**

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **(પત્રક ક્રમાંકઃ–૨૪)** માં દર્શાવેલ છે.

**૩૩. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો**ઃ–

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંકઃ–૨૫)** માં દર્શાવવામાં આવી છે.

**૩૪. શોક દર્શક ઉલ્લેખ :–**

સત્ર દરમિયાન કુલ ૮(આઠ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંકઃ–૨૬)**

**૩૫. સભાત્યાગ :–**

**(૧) તા.૭ –૩–૨૦૧૨**

તા.૭–૩–૨૦૧૨ના રોજ બિન સરકારી સંકલ્પોની ચર્ચા દરમ્યાન માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે આદિવાસીઓની બાબતમાં કરેલ કેટલાંક ઉચ્ચારણો સામે વાંધો લઈ તે દૂર કરવા સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે માનનીય અધ્યક્ષશ્રીએ રેકોર્ડ જોઈને શબ્દો દૂર કરવાનું જણાવ્યા બાદ પણ વિપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ રેકોર્ડ જોઈને દૂર કરવાનું જણાવ્યા બાદ કોઈ પ્રશ્ન રહેતો નથી તેવુ જણાવ્યું.

આ તબકકે કોંગ્રેસ પક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૨) તા.૧૯–૩–૨૦૧૨**

તા.૧૯–૩–૨૦૧૨ના રોજ કૃષિ અને સહકારની માગણીઓ ઉપરની ચર્ચાના માનનીય મંત્રીશ્રીના જવાબ બાદ, પૂરક પ્રશ્નોનો જવાબ સંતોષકારક નહીં મળતાં, સભ્યશ્રી ધ્વારા પ્રશ્ન રીપીટ થતાં, માન.અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પ્રશ્નો રીપીટ ન કરવા જણાવ્યું અને ત્યાર બાદ ઉપસ્થિત કરેલ પ્રશ્નોનો જવાબ માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી આપી રહયા હતા.

આ તબકકે વિરોધ પક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૩) તા.૨૦–૩–૨૦૧૨**

તા.૨૦–૩–૨૦૧૨ (પહેલી બેઠક)ના રોજ અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ઉપરની ચર્ચા દરમ્યાન માનનીય મંત્રીશ્રીના જવાબ બાદ સભ્યશ્રી શૈલેષ મ. પરમારે પૂછેલ પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપી રહયા હતા તેની સામે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ અસંતોષ વ્યકત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ, મંત્રીશ્રી જવાબ આપી રહયા છે, તેમનો જવાબ પૂરો નથી થયો તેમ જણાવ્યું.

આ તબકકે વિરોધ પક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**(૪) તા.૨૭–૩–૨૦૧૨**

તા.૨૭–૩–૨૦૧૨ના રોજ નાણા વિભાગની માગણી ઉપરની ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ પૂરો કરી તમામ માગણીઓ મંજૂર રાખવા વિનંતી કરી. આ સમયે સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ, કેગનો અહેવાલ રજૂ કરો તે પ્રમાણેના સૂત્રોચ્ચાર કર્યા.

આ તબકકે વિરોધપક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૩૬. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–**

| | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ ગેલેરી | ૯૦૯૮ |
| ૨ | અતિથિ વિશેષ ગેલેરી | ૨૩૭૪ |
| ૩ | પ્રેક્ષક ગેલેરી | ૩૭૫૬૪ |
| | **કુલ–** | **૪૯૦૩૬** |

**પત્રક ક્રમાંક :–૧**
**(જુઓ ફકરા ક્રમાંક :–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| ક્રમ | કામકાજનો વિષય | કલાક | મિનિટ | ટકાવારી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | પ્રશ્નોત્તરી | ૧૭ | ૫૯ | **૨૦.૦૮** |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૧૦ | ૨૦ | **૧૧.૫૪** |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૩ | ૨૨ | **૩.૭૬** |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૧ | ૫૪ | **૪૬.૭૮** |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી, **બિન સરકારી** તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦ | ૫૫ | **૧.૦૨** |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૨ | ૧૭ | **૨.૫૫** |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૩ | ૨૯ | **૩.૮૯** |
| ૭. | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | **–** |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૧૪ | **૦.૨૬** |
| ૯. | અન્ય બાબતો | ૯ | ૪ | **૧૦.૧૨** |
| | | | | |
| | **કુલ .** | ૮૯ | ૩૪ | ૧૦૦ |

# પત્રક ક્રમાંક :–૨
## (જુઓ ફકરા ક્રમાંક :–૨)

સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૨૫** | | | **સભાગૃહની બેઠકો : ૨૯** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/ મુલતવી | **બેઠકનો ખરેખર સમય ક.મિ.** |
| | | | બેઠક શરૂ થવાનો સમય | બેઠક પૂરી થવાનો સમય | | |
| ૧ | ગુરૂવાર | ૨૩–૨–૧૨ | ૧૨.૨૫ | ૧.૧૦ | – | **૦.૪૫** |
| ૨. | શુક્રવાર | ૨૪–૨–૧૨ | ૮.૩૦ | ૧૨.૧૩ | – | **૩.૪૩** |
| ૩. | સોમવાર | ૨૭–૨–૧૨ | ૧૨.૦૦ | ૫.૪૪ | ૦.૪૪ | **૫.૦૦** |
| ૪. | મંગળવાર | ૨૮–૨–૧૨ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૩૭ | ૦.૩૦ | **૩.૩૭** |
| ૫. | " | ૨૮–૨–૧૨ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૦ | **૩.૫૮** |
| ૬. | બુધવાર | ૨૯–૨–૧૨ | ૧૨.૦૦ | ૪.૪૮ | ૦.૩૦ **૨.૨૩(મુ.)** | **૧.૪૦** |
| ૭. | ગુરૂવાર | ૧–૩–૧૨ | ૧૨.૦૦ | ૫.૦૬ | ૦.૫૮ **૧.૧૧(મુ)** | **૨.૫૭** |
| ૮. | શુક્રવાર | ૨–૩–૧૨ | ૮.૩૦ | ૧૨.૫૨ | ૦.૩૦ | **૩.૫૨** |
| ૯. | સોમવાર | ૫–૩–૧૨ | ૧૨.૦૦ | ૪.૦૫ | ૦.૪૫ | **૩.૨૦** |
| ૧૦. | મંગળવાર | ૬–૩–૧૨ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૮.૩૮ | – | **૦.૦૮** |
| ૧૧. | " | ૬–૩–૧૨ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૯ | **૦.૩૦** | **૩.૫૯** |
| ૧૨. | બુધવાર | ૭–૩–૧૨ | ૮.૩૦ | ૧૨.૫૦ | ૦.૩૦ | **૩.૫૪** |
| ૧૩ | સોમવાર | ૧૨–૩–૧૨ | ૧૨.૦૦ | ૪.૩૯ | ૦.૪૫ **૦.૩૮ (મુ)** | **૩.૧૬** |
| ૧૪ | મંગળવાર | ૧૩–૩–૧૨ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૧.૩૩ | ૦.૩૦ **૧.૧૩(મુ)** | **૧.૨૦** |
| ૧૫ | " | ૧૩–૩–૧૨ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૨ | ૦.૩૦ | **૩.૫૨** |
| ૧૬ | બુધવાર | ૧૪–૩–૧૨ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૫ | **૪.૨૯** |
| ૧૭ | ગુરૂવાર | ૧૫–૩–૧૨ | ૧૨.૦૦ | ૩.૫૬ | ૦.૪૬ | **૩.૧૦** |
| ૧૮ | શુક્રવાર | ૧૬–૩–૧૨ | ૮.૩૦ | ૧૨.૫૭ | ૦.૩૦ | **૩.૫૭** |
| ૧૯ | સોમવાર | ૧૯–૩–૧૨ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૫ | **૪.૨૯** |
| ૨૦ | મંગળવાર | ૨૦–૩–૧૨ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૨૧ | " | ૨૦–૩–૧૨ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૨૨ | બુધવાર | ૨૧–૩–૧૨ | ૧૨.૦૦ | ૪.૫૭ | ૦.૪૫ **૧.૩૦(મુ)** | **૨.૪૨** |
| ૨૩ | ગુરૂવાર | ૨૨–૩–૧૨ | ૧૨.૦૦ | ૫.૦૯ | ૦.૪૫ **૨.૧૧(મુ)** | **૨.૧૩** |
| ૨૪ | શુક્રવાર | ૨૩–૩–૧૨ | ૮.૩૦ | ૧.૦૨ | ૦.૩૦ **૧.૩૩ (મુ)** | **૨.૨૯** |
| ૨૫ | સોમવાર | ૨૬–૩–૧૨ | ૧૨.૦૦ | ૫.૨૭ | ૦.૪૫ **૨.૦૪ (મુ.)** | **૨.૩૮** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૬ | મંગળવાર | ૨૭–૩–૧૨ | ૧૨.૦૦ | ૩.૫૪ | ૦.૪૫<br>**૦.૫૮(મુ)** | **૨.૧૧** |
| ૨૭ | બુધવાર | ૨૮–૩–૧૨ | ૧૨.૦૦ | ૩.૪૨ | ૦.૪૪<br>**૧.૪૩(મુ)** | **૧.૧૫** |
| ૨૮ | ગુરૂવાર | ૨૯–૩–૧૨ | ૧૨.૦૦ | ૪.૨૨ | ૦.૪૭ | **૩.૩૫** |
| ૨૯ | શુક્રવાર | ૩૦–૩–૧૨ | ૮.૩૦ | ૧૨.૦૭ | ૦.૩૦ | **૩.૦૭** |
| | | | | | **કુલ .** | **૮૯.૩૪** |

## પત્રક ક્રમાંક :–૩
## (જુઓ ફકરા ક્રમાંક :–૩)
## સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી
## (માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નં | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૧૮ | ૧૧ | ૨૯ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨૮ | ૧ | ૨૯ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૮ | ૧ | ૨૯ | |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૨૪ | ૫ | ૨૯ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૨૧ | ૮ | ૨૯ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૮ | ૧ | ૨૯ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦ | શ્રી ભરતભાઈ વશરામભાઈ ખોરાણી | ૨૮ | ૧ | ૨૯ | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૧૩ | ૧૬ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨૭ | ૨ | ૨૯ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૨૮ | ૧ | ૨૯ | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૨૭ | ૨ | ૨૯ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૮ | ૧ | ૨૯ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૬ | ૧૩ | ૨૯ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૨૬ | ૩ | ૨૯ | |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૧૭ | ૧૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૨૦ | ૯ | ૨૯ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી (મંત્રીશ્રી) | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬ | શ્રી  લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૯ | – | ૨૯ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૨૦ | ૯ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૨૫ | ૪ | ૨૯ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૭ | ૨ | ૨૯ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | – | ૨૯ | ૨૯ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૨૩ | ૬ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૨૬ | ૩ | ૨૯ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૨૯ | – | ૨૯ | |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૨૦ | ૯ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૨૯ | – | ૨૯ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૨૩ | ૬ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૨૯ | – | ૨૯ | |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૧૮ | ૧૧ | ૨૯ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા   (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ  લીલાધરભાઈ  મશરૂ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૨૫ | ૪ | ૨૯ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૨૬ | ૩ | ૨૯ | |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૨૩ | ૬ | ૨૯ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૨૯ | – | ૨૯ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૨૬ | ૩ | ૨૯ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૨ | ૭ | ૨૯ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૯ | – | ૨૯ | |
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | – | ૨૯ | ૨૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨૧ | ૮ | ૨૯ | |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨૯ | – | ૨૯ | |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૧૭ | ૧૨ | ૨૯ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૯ | – | ૨૯ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૪ | ૫ | ૨૯ | |
| ૬૪ | શ્રી અમિત  શાહ | – | ૨૯ | ૨૯ | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૩ | ૬ | ૨૯ | |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૨૬ | ૩ | ૨૯ | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૬૮ | શ્રી રાકેશ  જશવંતલાલ શાહ | ૨૬ | ૩ | ૨૯ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૯ | – | ૨૯ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૭૫ | શ્રી ભૂષણ અશોકભાઈ  ભટ્ટ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૯ | ૧૦ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૭૭ | શ્રી નરેન્દ્ર  મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૭૮ | ર્ડા. માયાબેન  સુરેન્દ્રકુમાર કોડનાની | ૨૫ | ૪ | ૨૯ | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૯ | – | ૨૯ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૭ | ૨ | ૨૯ | |
| ૮૩ | શ્રી અનિલકુમાર  ત્રિભોવનદાસ પટેલ, | ૨૯ | – | ૨૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| *૮૪ | શ્રી બાબુસિંહજી મોહનસિંહજી ઠાકોર સત્ર દરમિયાન *પેટા ચૂંટણીમાં ચૂંટાયેલ છે. અને ગૃહમાં ૨૩/૩/૧૨ થી હાજરી આપેલ છે.* | ૪ | ૨ | ૬ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૩ | ૬ | ૨૯ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૭ | ૨ | ૨૯ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૯ | – | ૨૯ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૭ | ૨ | ૨૯ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૨૪ | ૫ | ૨૯ | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૫ | ૪ | ૨૯ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૯ | – | ૨૯ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૨૩ | ૬ | ૨૯ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૭ | ૨ | ૨૯ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૨ | શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ | ૨૩ | ૬ | ૨૯ | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૫ | ડૉ.અનિલ જોષીયારા | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૨૯ | – | ૨૯ | |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૨૯ | – | ૨૯ | |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૨૪ | ૫ | ૨૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨૪ | ૫ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૧૩ | ૧૬ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૧૨ | ૧૭ | ૨૯ | |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨૪ | ૫ | ૨૯ | |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૮ | શ્રી કનુભાઈ ભૂલાભાઈ ડાભી | ૨૮ | ૧ | ૨૯ | |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૨૧ | ૮ | ૨૯ | સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૩૩ | શ્રીમતી જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૨૮ | ૧ | ૨૯ | |
| ૧૮. | ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૬/૩/૨૦૧૨ |
| ૧૯. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૦ | ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો , ઓડિટ અહેવાલ અને સરકારી હુકમ તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૧ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૨ થી ૨૪ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સન ૨૦૦૭–૨૦૦૮ અને સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક ઓડિટ અહેવાલો, સન ૨૦૧૦– ૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૭–૨૦૦૮ અને સન ૨૦૦૮–૨૦૦૯ના ઓડિટ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૫ | ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૬ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૭ | ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૬/૩/૨૦૧૨ |
| ૨૮. | ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૨૯ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |

| | | |
|---|---|---|
| ૩૦ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૧ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૨ | ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૩ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૧–૨૦૧૨ના અંદાજો તેમજ આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૪. | ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૫ અને ૩૬ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૧–૨૦૧૨ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૨–૨૦૧૩નું અંદાજપત્ર તથા સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૭. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૧૦– ૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૮. | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૩૯. | ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૩/૩/૨૦૧૨ |
| ૪૦. | ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૧ | ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૨. | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૩. | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૪. | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ | ૨૯/૩/૨૦૧૨ |

| | | |
|---|---|---|
| | તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | |
| ૪૫. | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપરમૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૭ | ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૮ | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦– ૨૦૧૧ નો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯/૩/૨૦૧૨ |
| ૪૯ | ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૬–૨૦૦૭ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૯/૩/૨૦૧૨ |
| ૫૦ અને ૫૧ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૯/૩/૨૦૧૨ |
| ૫૨ | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો | ૨૯/૩/૨૦૧૨ |
| ૫૩ અને ૫૪ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૦– ૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો | ૨૯/૩/૨૦૧૨ |
| ૫૫ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૦– ૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૩૦/૩/૨૦૧૨ |
| ૫૬. | રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૨–૨૦૦૩નો વાર્ષિક અહેવાલ | ૩૦/૩/૨૦૧૨ |
| ૫૭ | અમદાવાદ શહેરમાં બનેલ લઠ્ઠાકાંડના બનાવની તપાસ માટે રાજય સરકારે નિમેલ નિવૃત્ત ન્યાયાધીશ શ્રી કમલ મહેતા તપાસ પંચનો અહેવાલ | ૩૦/૩/૨૦૧૨ |

# પત્રક ક્રમાંક :–૨૩
## (જુઓ ફકરા ક્રમાંક :–૩૧)
## ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

**ફેબ્રુઆરી–૨૦૧૨**

| | |
|---|---|
| ગુરુવાર, ૨૩મી | (૧) **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજુઆત**<br>સભ્યશ્રી દેવુસિંહ જેસિંગભાઈ ચૌહાણે_નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br>(૨) **શોકદર્શક ઉલ્લેખો**<br>ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય અને પૂર્વ અધ્યક્ષ સ્વ. પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી અને ભારત સરકારના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી મગનભાઈ રણછોડભાઈ બારોટ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ.શ્રી નાથાલાલ પ્રેમજીભાઈ ભાણવડિયા(પટેલ), સ્વ.ડૉ. સોમાભાઈ સી. દેસાઈ અને સ્વ. શ્રી હસમુખલાલ મ. વોરાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો. |
| શુક્રવાર, તા.૨૪મી | (૧) સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત.<br>(૨) સન ૨૦૧૧–૨૦૧૨ ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૩) સન ૨૦૧૨–૨૦૧૩ ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| શનિવાર, તા.૨૫મી | **રજા** |
| રવિવાર, તા.૨૬મી | **રજા** |
| સોમવાર, તા.૨૭મી | **સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૨નું ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર,ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક<br>(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયક<br>(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૨નું Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૪) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૨નું કડી સર્વ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક |

| | |
|---|---|
| મંગળવાર, તા.૨૮મી | **પ્રથમ બેઠક**<br>(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૪– સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલશૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૨નું પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>**બીજી બેઠક**<br>રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) |
| બુધવાર, તા. ૨૯મી | (૧) **શોકદર્શક ઉલ્લેખ**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી માલજીભાઈ સગરામભાઈ ડાભીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ<br>(૨) રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) |
| | **માર્ચ–૨૦૧૨** |
| ગુરુવાર, તા. ૧લી | **(૧)** રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)<br>(૨) બિન–સરકારી વિધેયકો ( ( પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના વિધેયકો પ્રભારી સભ્યશ્રીઓની અનુપસ્થિતિ ને કારણે હાથ ધરી શકાયા નહીં |
| શુક્રવાર, તા. ૨જી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| શનિવાર, તા. ૩જી | **બેઠક નથી** |
| રવિવાર, તા.૪ થી | **રજા** |
| સોમવાર, તા. ૫મી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) |
| મંગળવાર, તા.૬ ઠ્ઠી | **પહેલી બેઠક**<br>**સરકારી વિધેયક**<br>વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન<br>**બીજી બેઠક** |

| | |
|---|---|
| | અંદાજપત્ર પર  સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) |
| બુધવાર, તા. ૭મી | (૧)   અંદાજપત્ર પર  સામાન્ય ચર્ચા (બીજો દિવસ)<br>(૨)   બિન–સરકારી સંકલ્પો |
| ગુરુવાર, તા. ૮મી | **રજા ( હોળી બીજો દિવસ – ધુળેટી)** |
| શુક્રવાર, તા. ૯મી | **બેઠક નથી** |
| શનિવાર, તા. ૧૦મી | **રજા** |
| રવિવાર, તા.૧૧મી | **રજા** |
| સોમવાર, તા. ૧૨મી | (૧)   **સરકારી વિધેયક**<br>સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક<br>(૨)   અંદાજપત્ર પર  સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) |
| મંગળવાર, તા.૧૩મી | **પહેલી બેઠક**<br>અંદાજપત્ર પર  સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)<br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ ) |
| બુધવાર, તા. ૧૪મી | માગણઓ પર ચર્ચા અને મતદાન (  બીજો દિવસ ) |
| ગુરુવાર, તા. ૧૫મી | (૧)   માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ )<br>(૨)   બિન–સરકારી વિધેયકો |
| શુક્રવાર, તા. ૧૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ) |
| શનિવાર, તા. ૧૭મી | **બેઠક નથી** |

| | |
|---|---|
| રવિવાર, તા.૧૮મી | **રજા** |
| સોમવાર, તા. ૧૯મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ ) |
| મંગળવાર, તા.૨૦મી | **પહેલી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ )<br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) |
| બુધવાર, તા. ૨૧મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) |
| ગુરુવાર, તા. ૨૨મી | (૧) **શોકદર્શક ઉલ્લેખો**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વીરસિંહભાઈ જયોતિભાઈ ભાભોર તથા સ્વ.શ્રી ભૂરાભાઈ જેતાભાઈ કટારાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)<br>(૩) બિન–સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા. ૨૩મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) |
| શનિવાર, તા. ૨૪મી | **રજા** |
| રવિવાર, તા.૨૫મી | **રજા** |
| સોમવાર, તા. ૨૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| મંગળવાર, તા.૨૭મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) |
| બુધવાર, તા. ૨૮મી | **સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયક.<br>(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૧૧– સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક<br>(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૧૨– સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતીય) વિધેયક<br>(૪) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૧૩– સન ૨૦૧૨ નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક |

| | |
|---|---|
| | (૫) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૧૦– સન ૨૦૧૨નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક |
| ગુરુવાર, તા. ૨૯મી | **(૧)** **સરકારી વિધેયક**<br>સન ૨૦૧૨ નું વિધેયક ક્રમાંક– ૧૪– સન ૨૦૧૨ નું ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યક્તિઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયક<br>**(૨)** **બિન–સરકારી વિધેયકો** |
| શુક્રવાર, તા. ૩૦મી | **(૧)** **સરકારી વિધેયક**<br>સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૯– સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>**(૨)** છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

## પત્રક ક્રમાંક :–૨૪
## (જુઓ ફકરા ક્રમાંક :–૩૨)
## રોજેરોજના કામકાજનો સારાંશ
## ગુરૂવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨

નામદાર રાજયપાલ ડો. શ્રીમતી કમલા બેનીવાલે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

નામદાર રાજયપાલશ્રીના સંબોધન બાદ પંદર મિનિટના વિરામ બાદ બપોરના ૧૨.૨૫ વાગ્યે ગૃહની બેઠક મળી

**અધ્યક્ષસ્થાને માનનીય અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા**

( સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી )

૧. સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબંધોનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે, સભ્ય શ્રી વિજયભાઈ પટેલના અનુમોદનથી રાજયપાલશ્રીને સંદેશો પાઠવવા નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૫. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત વિધાનસભાના વિધાન સભ્ય અને પૂર્વ અધ્યક્ષ સ્વ.પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી અને ભારત સરકારના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી મગનભાઈ રણછોડભાઈ બારોટ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ.શ્રી નાથાલાલ પ્રેમજીભાઈ ભાણવડિયા (પટેલ) સ્વ.ડો. સોમાભાઈ સી. દેસાઈ અને સ્વ. શ્રી હસમુખલાલ મ. વોરાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, સભ્યશ્રી અશ્વિન કોટવાલ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સભ્યશ્રી બાબુભાઈ મે. શાહ અને માનનીય નાગરિક પૂરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સદગતોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, "ગુજરાત વિધાનસભાના સભ્ય અને પૂર્વ અધ્યક્ષ સ્વ.પ્રો. મંગળભાઈ માધવદાસ પટેલના માનમાં પ્રણાલિકા મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે" તેવો પ્રસ્તાવ રજૂ કર્યો.

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે પ્રસ્તાવને સમર્થન આપ્યું અને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

## શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

ગઈ કાલે દિવંગતોના શોકદર્શક ઉલ્લેખ વખતે સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે ખેડબ્રહમા મત વિસ્તારના માજી ધારાસભ્યશ્રી માલદેવજીભાઈ ડાભીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવા ગૃહમાં ચિઠ્ઠી લખી તેઓશ્રીનું ધ્યાન દોરી ઉલ્લેખ પણ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતમાં જણાવ્યું કે કોઈ સભ્યશ્રીના અવસાનના સમાચાર મળે ત્યારે વિધાનસભા સચિવાલય ધ્વારા તેની અધિકૃતતાની ખાતરી કર્યા બાદ જ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવતો હોય છે તેવી સ્થાપિત પ્રણાલીકા છે. આથી સભ્યશ્રી કોટવાલે સભ્યશ્રી માલદેવજીભાઈ ડાભીના અવસાન અંગે જે ઉલ્લેખ કર્યો હતો તે પ્રસ્થાપિત કાર્યપધ્ધતિ સાથે સુસંગત ન હોઈ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે તેમજ યોગ્ય સમયે સભ્યશ્રીના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ વર્તમાન સત્રમાં કરવામાં આવશે તેમ જણાવી આ બાબતે સૌ સભ્યશ્રીઓએ ભવિષ્યમાં ધ્યાન રાખવા સંબંધમાં જાહેરાત કરી.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ નિયમ–૯૨ ટાંકી તારાંકિત પ્રશ્નોત્તરી દરમ્યાન કોઈ પૂરક માહિતી મેળવવાની સભ્યશ્રીને જરૂરિયાત ઉભી થાય તો અરધા કલાકની ચર્ચા કરવા દેવામાં આવે છે. આમ છતાં આજે પ્રશ્ન અગ્રતાક્રમ–૭માં જે પ્રશ્ન ઉપસ્થિત થયો એમાં મંત્રીશ્રીનો જવાબ શાંતિથી સાંભળ્યા સિવાય સમગ્ર કોંગ્રેસપક્ષે સામૂહિક રીતે

સૂત્રોચ્ચાર કરીને મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરી ખલેલ પહોંચાડી છે તે બદલ વિરોધપક્ષના સભ્યશ્રીઓને સૂચના આપવા તેમજ ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પ્રશ્નો પૂછતી વખતે અભિનંદન, આવકાર, વિશેષણો કે ટીકાઓનો ઉલ્લેખ કરી શકાતો નથી. આ બાબતમાં વિધાનસભા નિયમ–૭૮(૪) તરફ સૌ સભ્યશ્રીઓનું ધ્યાન દોરી પ્રશ્નોત્તરી કાળનો સદઉપયોગ થાય તે બાબતમાં ભવિષ્યમાં કાળજી લેવા સૌ સભ્યશ્રીઓને વિનંતી કરી.

**૪ સભાગૃહના મેજ ઉપર મૂકાયાલા કાગળો**

(૧) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન૨૦૧૨–૨૦૧૩ના વર્ષનું અંદાજપત્ર તેમજ સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર તથા સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો અને તે ઉપરની ઓડિટ રીમાર્કસ

(૨) ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૮–૨૦૦૯ અને સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલરઅને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૩) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ

(૬) નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા.૧–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૪૧) વીએઆર –૨૦૧૧– (૩૨)–ઠ

(૭) બંદરો અને વાહનવ્યવહાર વિભાગની સન ૧૯૫૮ની મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા. ૮–૩–૨૦૧૧ ની અધિસૂચના ક્રમાંકઃ–પીટી–૧૪–૨૦૧૧– એમટીએ–૧૧૨૦૧૦–૧૬૫–ખ

(૨) તા. ૨૧–૪–૨૦૧૧ ની અધિસૂચના ક્રમાંકઃ–પીટી–૨૦૧૧–૨૬– એમટીએ–૧૧૨૦૧૧–૮૩૬–ખ

(૩) તા. ૩૦–૮–૨૦૧૧ ની અધિસૂચના ક્રમાંકઃ–પીટી–૨૦૧૧–૫૪– એમટીએ–૧૧૨૦૧૧– એમ–૧૦૪–ખ

(૮) શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ અન્વયેની

(૧) તા. ૨૯–૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૦૧–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૯–૩૮૯૩– એસ

(૨) તા. ૧૯–૩–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–જીએચ–એસએચ–૦૭–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૯–૩૮૯૩– એસ

(૩) તા. ૨૦–૪–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૨–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૮–૧૩૧૭– એસ

(૪) તા. ૩–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૩–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૦૮–૧૩૧૭– એસ

(૫) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૪–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૬) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૫–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૭) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૬–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૮) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૭–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૯) તા. ૭–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૮–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૦) તા. ૧૬–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૧૯–૨૦૧૧–એમબીએ–૧૦૨૦૦૮–૬૩૩– એસ

(૧૧) તા. ૩૦–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચ– એસએચ– ૨૧–પીવીએસ– ૧૦૨૦૧૧– ૩૩૬– એસ

(૧૨) તા. ૩૦–૫–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૨૨– પીવીએસ – ૧૦૨૦૧૧–૩૩૬– એસ

(૧૩) તા. ૩–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૨૩–પીવીએસ – ૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૪) તા. ૩–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૨૪– પીવીએસ –૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૫) તા. ૨૧–૬–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૨૯–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૦–૫૪૩– એસ

(૧૬) તા. ૧૫–૭–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૩૨–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૭) તા. ૧૩–૯–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૪૯–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૮) તા. ૧૭–૯–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૫૦–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૧૯) તા. ૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૫૨–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩– એસ

(૨૦) તા. ૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૫૩–૨૦૧૧ – પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩– એસ

(૨૧) તા. ૧૦–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૫૪–૨૦૧૧ – પીવીએસ–૧૦૨૦૧૧–૧૩૧૩– એસ

(૨૨) તા. ૧૮–૧૦–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૫૭–૨૦૧૧ – પીઆરસી–૧૦૨૦૧૧–૧૩૫૮– એસ

(૨૩) તા. ૩–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૩૯–૨૦૧૧–પીવીએસ–૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૨૪) તા. ૫–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૪૦– પીવીએસ –૧૦૨૦૧૧–૩૩૫– એસ

(૨૫) તા. ૬–૮–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચ–એસએચ–૪૫–૨૦૧૧ – પીવીએસ–૧૦૨૦૦૯–૫૫૩– એસ

**૫.** સચિવશ્રીએ બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં પુનઃવિચારણા કરી પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૪ અને નવમા સત્રમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળેલ છે તેવાં સન ૨૦૧૧ના વિધેયક ક્રમાંક–૯, ૨૭ , ૩૯ અને ૪૦ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

**૬.** માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૧૯૯૬–૧૯૯૭, ૧૯૯૭–૧૯૯૮ અને ૧૯૯૮–૧૯૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કર્યા.

**૭.** માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકો રજૂ કર્યા.

**૮. <u>અંદાજપત્રની રજૂઆત</u>**

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચીને રજૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા બાબત**

અંદાજપત્રની રજૂઆત સમયે, વિરામનો સમય થતાં મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ વિરામનો સમય રદ કરીને માનનીય નાણા મંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન ચાલુ રાખવાની પરવાનગી માગતો પ્રસ્તાવ રજૂ કર્યો અને કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે તેને સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરી અંદાજપત્ર વાંચવાનું ચાલુ રાખવાની પરવાનગી આપી.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, પોલીસ અધિક્ષક, ગાંધીનગરના તા.૨૩–૨–૨૦૧૨ના ફેક્સ મેસેજથી ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપક્રમે યોજાયેલ જાહેરસભા દરમ્યાન ઉપવાસી છાવણીથી ઘ–૪ તરફ જતા પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવા બદલ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ શ્રી સુરેશભાઈ પટેલની અન્ય કોંગ્રેસના કાર્યકરો સાથે ૧૩–૩૦ કલાકે બી.પી.એકટની કલમ–૬૮ મુજબ અટકાયત કરી અવસર વીત્યે બી.પી.એકટની કલમ–૬૯ મુજબ તે જ દિવસે ૧૫.૧૫ વાગ્યે મુકત કર્યા અંગેની જાહેરાત કરી.

**<u>સોમવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૨</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧ સન ૨૦૧૨નું ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ વિધેયક.

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૨નું ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ (રદ કરવા બાબત) વિધેયક.

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૬, સન ૨૦૧૨નું Vir (વીર) નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૩, સન ૨૦૧૨નું કડી સર્વ વિશ્વ વિદ્યાલય (સુધારા) વિધેયક

૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

વિધેયક ક્રમાંક–૧ની ચર્ચા દરમ્યાન, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા બિલના સ્કોપની બહાર ચર્ચા કરી રહયા છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના મંતવ્યમાં વિધેયકના ઉદ્દેશો અને કારણો જોતાં સભ્યશ્રી વિધેયકના સ્કોપમાં જ ચર્ચા કરી રહયા છે તેમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમ–૩૩ મુજબ ગૃહમાં વકતવ્ય માટે સમયમર્યાદા ઠરાવવાનો અધ્યક્ષને અધિકાર મળે છે, પરંતુ હકીકતમાં અધ્યક્ષ પોતાના આ અધિકારનો ઉપયોગ કામકાજ સલાહકાર સમિતિની ભલામણને ધ્યાનમાં રાખીને કરે છે. અધ્યક્ષ ધ્વારા દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવ અને વિધેયકોને ચર્ચા માટેનો સમય ફાળવવા કામકાજ સલાહકાર સમિતિમાં રજૂ કરવામાં આવે છે. પ્રસ્તાવની બાબતમાં સમિતિ ચોકકસ સમય ફાળવે છે. જયારે વિધેયકની બાબતમાં સમિતિ કોઈ એક દિવસ કે બેઠકમાં કેટલા વિધેયકો ચર્ચા વિચારણા કરીને પસાર કરવા તે રીતે સમય ફાળવે છે. આથી પ્રસ્તાવની બાબતમાં સમયમર્યાદા બાંધવાનું અધ્યક્ષ માટે સરળ બને છે. પરંતુ વિધેયક પરની ચર્ચામાં કેટલો સમય સભ્યોને બોલવા દેવા તેનો નિર્ણય કરવાનું અધ્યક્ષ માટે કઠિન બને છે. આથી વિધેયક ઉપર જો વધુ સભ્યો બોલનાર હોય તો અધ્યક્ષ સમિતિની ભલામણને ધ્યાનમાં રાખી દરેક સભ્યને વકતવ્ય માટે ૩ થી ૫ મિનિટનો સમય ફાળવી શકે છે. કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબના વિધેયકો તે દિવસે પસાર થાય તે અધ્યક્ષે જોવાનું રહે છે. જો વધુ સભ્યો બોલનાર હોય તો બન્ને પક્ષોની સંમતિથી સમય લંબાવીને પણ તેવા વિધેયકોની વિચારણા પૂરી કરવાની રહે છે, તેમ જણાવી બન્નેપક્ષના સભ્યશ્રીઓને વિધેયકની સમયમર્યાદામાં ચર્ચા કરવા વિનંતી કરી.

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

વિધેયક ક્રમાંક–૨ની ચર્ચા દરમ્યાન (સભ્યશ્રી શંભુપ્રસાદ ટુંડિયાના પ્રવચન દરમ્યાન) બેઠકનો સમય પૂરો થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ વિધેયકો ઉપરની ચર્ચા અને મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કયો અને કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલે તેને સમર્થન કર્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો

**<u>મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૨</u>**

**<u>પહેલી બેઠક</u>**

૧. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકોઃ–**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૨નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૨નું ભાવનગર યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૨નું પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે નિયમ–૧૧૬ અન્વયે, "જૂનાગઢમાં પ્રાચીન સમયથી યોજાતા મહાશિવરાત્રીના ઐતિહાસિક મેળામાં તા.૧૯–૨–૨૦૧૨ના રોજ પાજનાકા પુલ પાસે ધક્કામુક્કીને કારણે સર્જાયેલ દુર્ઘટનામાં સાત વ્યકિતઓના મોત થયા હતા અને તેંત્રીસ વ્યકિતઓ ઘાયલ થઈ હતી. આ કમનસીબ ઘટનાથી શ્રધ્ધાળુઓમાં ફેલાયેલી અરેરાટી અને આઘાતની લાગણી દૂર કરવા બાબતમાં પગલાં લેવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **જળસંપત્તિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, ભૂગર્ભ જળના અતિદોહન (Dark & over Exploited) વિસ્તારોમાં ભૂગર્ભ જળ દોહન અંગેના નિયંત્રણો બાબતમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વ.શ્રી મોરારજીભાઈ દેસાઈની ૧૧૭મી જન્મ જયંતિ નિમિતે તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે રાખવામાં આવેલ પુષ્પાંજલિ કાર્યક્રમમાં ફેરફાર કરી સૌ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી કાર્યક્રમ સવારના ૧૧.૩૦ વાગ્યે રાખ્યાની અને આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સૌ સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહેવા સંબંધમાં જાહેરાત કરી.

૫. **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે સભ્ય વિજયભાઈ પટેલના અનુમોદનથી તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ સભ્યો સર્વ શ્રી ઈકબાલભાઈ પટેલ, શ્રી અમરસિંહભાઈ વસાવા, શ્રી મોહનસિંહભાઈ રાઠવા, શ્રી છનાભાઈ ચૌધરી, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી રાજેન્દ્રસિંહ પરમાર, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી બાબુભાઈ શાહ, ડો. અનિલભાઈ જોષીયારા, શ્રી મોહંમદ ફારૂક શેખ, શ્રી બચુભાઈ કિશોરી, શ્રી ધીરસિંહભાઈ બારડ, શ્રી નિરંજનભાઈ પટેલ, શ્રી હરીલાલ પટેલ, શ્રી નટવરસિંહ ઠાકોર, શ્રી પરેશભાઈ વસાવા, શ્રી જોધાજી ઠાકોર, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી ઈશ્વરભાઈ વહીઆ, શ્રી કુંવરજીભાઈ હળપતિ, શ્રી લાલસિંહભાઈ વડોદિયા, શ્રી શંકરભાઈ વાઘેલા, શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, શ્રી જવાહરભાઈ ચાવડા, શ્રી દિતાભાઈ મછાર તેમજ શ્રી મણીભાઈ પટેલે ઉકત પ્રસ્તાવ પર તેમના સુધારા રજૂ કર્યા.

પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૧૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**૬. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરના તેમના પ્રવચન દરમ્યાન અધિકારી દીર્ઘામાં બેઠેલા અધિકારી બાબતમાં ઉલ્લેખો કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, સભાગૃહની પ્રણાલી રહી છે કે, અધિકારી ગેલેરીમાં બેઠેલાઓનો ઉલ્લેખ કરવામાં આવતો નથી અને સરકારના પક્ષે જે અધિકારીઓની જરૂર હોય તેવા અધિકારીઓ માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરીથી જ અધિકારી દીર્ઘામાં બેસતા હોય છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તત્સમયે જણાવ્યું કે, આ મુદ્દાનો અભ્યાસ કરીને નિર્ણય આપશે.

## બુધવાર, તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૮નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે કેટલાંક આક્ષેપાત્મક ઉલ્લેખો કરતાં, સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર અને શોરબકોર ચાલુ કર્યો તેની સામે વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી પણ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર અને શોરબકોર ચાલુ થતાં સભાગૃહમાં ધાંધલનું વાતાવરણ સર્જાતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં પરિસ્થિતિમાં કોઈ ફરક નહીં પડતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧૨.૪૨ વાગ્યે સભાગૃહની બેઠક ૩૦ મિનિટ માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૧૩ વાગ્યે ફરી મળી**

૩. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી માલજીભાઈ સગરામભાઈ ડાભીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ તેમજ સભ્યો સર્વશ્રી ડો. અનિલભાઈ જોષીયારા અને શ્રી અશ્વિનભાઈ કોટવાલે સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કર્યો.

**૫.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૬. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ, ગઈકાલે માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં જણાવ્યું કે, વિધાનસભાની કોઈપણ ગેલેરીમાં પ્રવેશ આપવાની બાબતનું નિયમન સંપૂર્ણપણે તેઓશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે. વિધાનસભાની અધિકારી દીર્ઘામાં પ્રવેશ આપવા બાબતના નિયમોના નિયમ–૩ની જોગવાઈ મુજબ આ દીર્ઘામાં નાયબ સચિવ અને તેમનાથી ઉપલી કક્ષાના અધિકારીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત વિધાનસભાના કામકાજ માટે સરકારે જે અધિકારીઓની સંપર્ક અધિકારી તરીકે નિમણૂક કરી હોય તેવા ઉપ સચિવનો દરજ્જો ધરાવતા અધિકારીઓને પણ પાસ આપવામાં આવે છે. આ ઉપરાંત આ સિવાયના અધિકારીઓને તેમણે જે બેઠક માટે પાસ આપવાની વિનંતી કરી હોય તે બેઠક પૂરતા અધિકારી દીર્ઘામાં બેસવા માટેના પાસ આપવામાં આવતા હોય છે.

વિરોધપક્ષના નેતાશ્રીએ શ્રી વ્યાસ ચીઠ્ઠીઓ લખીને ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી રહયા હોવાની જે રજૂઆત કરી હતી તે અંગે નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વિધાનસભાની અધિકારી દીર્ઘામાં બેઠેલા તમામ અધિકારીઓએ ગૃહમાં ઉપસ્થિત થયેલ પોતાના વિભાગને લગતા મુદ્દા અંગે મંત્રીશ્રીને અદ્યતન માહિતીથી વાકેફ કરવાની ફરજો બજાવવાની હોય છે, આ આપણી એક સ્વીકૃત પ્રણાલી રહી છે. આમ શ્રી વ્યાસે સંસદીય બાબતોના સચિવની હેસિયતથી પોતાના મંત્રીશ્રીને ચીઠ્ઠી લખીને માહિતી પૂરી પાડીને પોતાની ફરજ બજાવી છે, તેને ગૃહની કાર્યવાહીને ખલેલ પહોંચાડી છે તેમ ગણી શકાય નહીં અને તેનાથી ગૃહના નિયમો, પ્રણાલીઓ કે ઔચિત્યનો કોઈ પણ રીતે ભંગ થતો નથી. આ ઉપરાંત ભવિષ્યમાં તેઓશ્રીના ક્ષેત્રાધિકારની કોઈપણ બાબત ગૃહમાં ઉપસ્થિત નહીં કરવા વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરી.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવા ઉભા થતાની સાથે સત્તાધારી પક્ષ તરફથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પણ ઉભા થઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં સત્તાધારી પક્ષ તેમજ વિરોધપક્ષ તરફથી સામસામે સતત સૂત્રોચ્ચાર, હંગામો અને શોરબકોર કરવાનું ચાલુ રહેતાં, માનનીય અધ્યક્ષશ્રીએ બન્ને પક્ષે શાંતિ જાળવવાની વિનંતી તથા સ્વવિવેકથી કોઈ એકને સાંભળવામાં આવે તો બન્ને પક્ષને તક આપી શકાશે તેમ જણાવ્યું હોવા છતાં સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, હંગામો અને શોરબકોરનું વાતાવરણ ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧.૩૭ વાગ્યે સભાગૃહની બેઠક વિરામ સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળી**

**૭. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વકતવ્ય દરમ્યાન, તેમની અમૂક કંપની સાથેની ભાગીદારીના વ્યકિતગત કરેલ આક્ષેપ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાની સાથે વિરોધપક્ષના નેતાશ્રી આક્ષેપ પૂરવાર કરે અથવા માફી માગે તેવી માનનીય અધ્યક્ષશ્રી પાસે માગણી કરી. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે કેટલીક ખુલાસાત્મક સ્પષ્ટતાઓ કરવાની સાથે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રી તમામ રેકર્ડ ચકાસીને નિર્ણય કરશે તેમ જણાવ્યું.

**૮. ઔચિત્ય ભંગનો મુદ્દો અને સભાગૃહની મુલતવી રાખવા બાબત**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, નિયમ–૩૦(૨) ટાંકી ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે, અધ્યક્ષ સભાગૃહને સંબોધન કરતા હોય ત્યારે કોઈ પણ સભ્યશ્રી પોતાનું સ્થાન છોડી શકતા નથી કે અવરજવર પણ કરી શકતા નથી. આજે અધ્યક્ષશ્રી ઉભા થઈ પ્રવચન કરતા હતા તે દરમ્યાન માનનીય મુખ્ય મંત્રીશ્રી સભાગૃહ છોડીને ગયા છે, આથી અધ્યક્ષશ્રી તેમજ ગૃહનું અવમાન થયેલ છે, તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

આ તબકકે સત્તાધારી પક્ષ તરફથી સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, હંગામો અને શોરબકોરનું વાતાવરણ અને સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડવાનું ચાલુ રહેતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતીઓ કરવા છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૩.૩૮ વાગ્યે સભાગૃહની બેઠક એક કલાક માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૪.૩૮ વાગ્યે ફરી મળી**

**૯. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરેલ ઔચિત્ય ભંગના મુદ્દા પર પોતાનો નિર્ણય આપતાં જણાવ્યું કે, તે સમયે ગૃહના સૌ સભ્યોને પોતાનું સ્થાન લેવા વિનંતી કર્યા બાદ સો સભ્યોએ પોતાનું સ્થાન લીધા બાદ સભાગૃહના નેતા પોતાનું સ્થાન છોડીને ગૃહની બહાર ગયા હતા. આથી વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ મુદ્દાનો તેઓશ્રી અસ્વીકાર કરે છે તેમ જણાવ્યું.

વધુમાં, આજે પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અદાણી જૂથને જમીન ફાળવવાના પ્રશ્ન પર પૂરક પ્રશ્ન પૂછતી વખતે સંસદીય બાબતોના મંત્રીશ્રી સામે અંગત આક્ષેપ મૂકતાં, ઉચ્ચારણો કર્યા હતાં તે બાબતમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતાં જણાવ્યું કે તેઓશ્રીએ આ પ્રશ્ન ઉપરની ગૃહની કાર્યવાહીની નોંધ તપાસી છે, તે જોતાં એમ જણાય છે કે જે સંદર્ભ આપીને વિરોધપક્ષના નેતાશ્રીએ પૂરક પ્રશ્ન પૂછયો હતો તે સંદર્ભ પરથી વિરોધપક્ષના નેતાશ્રીએ સંસદીય બાબતોના મંત્રીશ્રી સામે અંગત આક્ષેપ કર્યો છે, તેમ તેઓશ્રી માને છે. આથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માફી માગવાનું જણાવી વિરોધપક્ષના નેતાશ્રીએ કરેલ અંગત આક્ષેપો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાની સાથે નિયમ–૩૭ તરફ સૌ સભ્યશ્રીઓનું ધ્યાન દોરી ભવિષ્યમાં ગૃહના કોઈપણ સભ્યશ્રીની સામે અંગત આક્ષેપ કરવાથી દૂર રહી ઉચ્ચ સંસદીય પ્રણાલીઓનું જતન કરવાની શીખ આપી.

માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માફી માગવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી એમ જણાવ્યું. આ દરમ્યાન સતતાધારી પક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, હંગામો અને શોરબકોર કરવાનું ચાલુ રાખતાં અને માનનીય અધ્યક્ષશ્રીની સૌ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લઈ શાંતિ જાળવવાની વારંવારની વિનંતી છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં સભાગૃહની કાર્યવાહી ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૪.૪૮ વાગ્યે સભાગૃહની <u>આજની સભાગૃહની બેઠક મુલતવી રાખી.</u>**

**<u>ગુરૂવાર, તા.૧લી માર્ચ, ૨૦૧૨</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, ગઈ કાલે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માફી માગવાનો સવાલ ઉપસ્થિત થતો નથી એમ જણાવેલ હતું તે માનનીય અધ્યક્ષશ્રીના આદેશના અવમાન સમાન છે, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમાં મંતવ્ય વ્યકત કર્યું.

આ તબકકે સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર અને શોરબકોર ચાલુ કર્યો. સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, શોરબકોર અને ધાંધલનું વાતાવરણ સર્જાતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં પરિસ્થિતિમાં કોઈ ફરક નહીં પડતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧.૦૪ કલાકે સભાગૃહની બેઠકની કાર્યવાહી ૨.૧૫ વાગ્યા સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૧૫ વાગ્યે ફરી મળી**

બેઠક શરૂ થતાં જ સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સૂત્રોચ્ચાર કરવાનું સતત ચાલુ રહયું

**૪. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે સભ્ય વિજયભાઈ પટેલના અનુમોદનથી તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

આભાર પ્રસ્તાવ પરના સુધારા ક્રમાંકઃ ૧ થી ૭, ૯, ૧૦, ૧૩થી ૨૪, ૨૭થી ૩૪ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, સભાગૃહની બેઠક બપોરના **૨.૧૭ કલાકે વિરામના સમય સુધી મુલતવી** રાખવામાં આવી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક રીશેષ બાદ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળી**

**૬. બિન–સરકારી વિધેયકો**

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન–સરકારી વિધેયકો

(૧) સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેએ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેર ખબર ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૨) સભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલાએ સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૭– સન ૨૦૧૧નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય પર્યાવરણમંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૧૦નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકના પ્રભારી સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક હાથ ધરી શકાયું નહીં.

(૪) સભ્યશ્રી રાકેશભાઈ શાહે સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૦નું ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય પર્યાવરણ મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

**<u>શુક્રવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૨</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે, નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલોમાં વાઘ અને દિપડાનો ત્રાસ વધતા તેમજ દિપડા ધ્વારા એક યુવાનને મારી નાખવાનો બનાવ બનેલ છે. ઈટાવડી ગામે આ દિપડા અને વાઘને કારણે આમજનતામાં ફેલાયેલી ભયની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૩. માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, તા.૨૯–૨–૨૦૧૨ના રોજ અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને ગૃહની માફી માગવા નિર્ણય આપ્યો હોવા છતાં હજુ સુધી તેઓશ્રીએ ગૃહની માફી માગી નથી તેમ જણાવી, તેમણે માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એમ જણાવેલ છે તેથી એ પ્રકારની તેઓશ્રીની વર્તણૂંક અધ્યક્ષશ્રીના નિર્ણયના અનાદર અને ગૃહના અવમાન સમાન છે. આથી તેઓશ્રી ગૃહની માફી માગે નહીં ત્યાં સુધી અથવા ચાલુ સત્રની સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય વન મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેને સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયાલા કાગળો**

(૧) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમનીકામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ,

હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક

વહીવટી અહેવાલ

(૫) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ

(૭) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

(૮) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૨૦૦૫ના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ અન્વયેની તા.૧–૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ– કેપી–૬–જીવીકે– એનઆરઈજીએ–૦૬–એસએફએસ–૧૭–ખ.૨

## ૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટેની સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવી.

શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૧૩, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૩, ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૯, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૫, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૮ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

પૂરક માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ અને ૨, પૂરક માગણી ક્રમાંક– ૪૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૩ અને ૪, પૂરક માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫, પૂરક માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૬ થી ૯, અને પૂરક માણી ક્રમાંક–૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક – ૧૦ થી ૧૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૧થી૧૬ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ક્રમાંક– ૧૩, ૪૩, ૪૯, ૫, અને ૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૬. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

ગૃહની કાર્યવાહીનું જીવંત પ્રસારણ ૨૦૦૧ થી સી.સી. કેમેરા મારફતે વિધાનસભા બિલ્ડીંગમાં કરવામાં આવે છે. વિધાનસભા બિલ્ડીંગ બહાર ગૃહની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કોઈપણ ચેનલ ધ્વારા અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી વગર કરી શકાતું નથી. તેમછતાં તેઓશ્રીના ધ્યાન ઉપર આવ્યું છે કે, કેટલીક ચેનલો ધ્વારા ગૃહની કાર્યવાહીનું રેકોર્ડીંગ અને તેનું પ્રસારણ પોતાની ચેનલ પરથી તેઓશ્રીની મંજૂરી વગર અનઅધિકૃત રીતે કરવામાં આવી રહયું છે. જેનાથી ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થાય છે. વિધાનસભા ગૃહની કાર્યવાહીને ગૃહ બહાર કોઈપણ સ્થળે પ્રસારિત કરવા માટે અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લીધા વગર પ્રસારિત કરી આ ચેનલોએ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન કરેલ છે. આથી આવી ચેનલો સામે વિશેષાધિકાર ભંગ અને અવમાનની કાર્યવાહી કરવા તેમજ સંબંધિતોને આવું અનઅધિકૃત રેકોર્ડીંગ અને પ્રસારણ તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપી હવે પછી આવું પ્રસારણ ચાલુ રાખવામાં આવશે તો તેવી ચેનલો સામે ગંભીર કાયદેસરના પગલાં ભરવામાં આવશે, તેવી જાહેરાત પૂરક માગણીઓની ચર્ચા દરમ્યાન કરેલ હતી.

## સોમવાર, તા.૫મી માર્ચ, ૨૦૧૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## ૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૭નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી મોહંમદફારૂક શેખે કરેલ આક્ષેપાત્મક ઉલ્લેખો માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહીમાંથી દૂર કર્યા હોવા છતાં સભ્યશ્રીએ આ શબ્દોનો બીજી વાર ઉપયોગ કરી અધ્યક્ષના આદેશનો અનાદર કર્યો છે. આ ઉપરાંત સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ પૂરક પ્રશ્ન પૂછતી વખતે કરેલ સુપ્રિમ કોર્ટના ઉલ્લેખો સંબંધે તેઓશ્રીએ આધાર પૂરાવા રજૂ કરવા જોઈએ, એ બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે, તેઓશ્રી સુપ્રિમ કોર્ટના ઉચ્ચારણો બાબતમાં આધાર પૂરાવા રજૂ કરશે અને માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ–૭૮ (૪) ટાંકી મંતવ્ય વ્યકત કર્યું તેમજ સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અને માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પણ પોતપોતાનાં મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ જોઈને તેઓશ્રી નિર્ણય આપશે એમ જણાવ્યું.

## ૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

તબીબ અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક– ૩૯, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી

ક્રમાંક–૫૭, સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૦, ગુજરાત પાટનગર યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૮૭ સામાજીક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯૨ માનની નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

પૂરક માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૫, પૂરક માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૬ થી ૮, પૂરક માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ થી ૧૪, પૂરક માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ થી ૧૬ અને પૂરક માગણી ક્રમાંક–૯૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૭ થી ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૩) અન્વયે પૂરક માગણીઓની ચર્ચા સંબંધિત પૂરક માગણીઓ પૂરતી મર્યાદિત રાખવા તથા નિયમ–૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની પણ જાહેરાત કરી.

પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ. તેમાં કુલ ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

પૂરક માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૨૦ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૩૯, ૫૭, ૭૦, ૮૭ અને ૯૨ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષની પૂરક માગણીઓ ક્રમાંક– ૧ થી ૪, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૬, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૪૦, ૪૨, ૪૪, ૪૬, ૫૦, ૫૧, ૫૪, ૫૯, ૬૦, ૬૧, ૬૫, ૬૬, ૬૭, ૬૯, ૭૧ થી ૭૬, ૭૮, ૮૩ થી ૮૬, ૮૮, ૮૯, ૯૩ થી ૯૬, ૯૮, ૧૦૨, ૧૦૫ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૨**

**પહેલી બેઠક**

**૧. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન**

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચ માટેની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણા મંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮, ૧૯૯૮–૯૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતાં તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારીશ વાંચી સંભળાવી.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૬–૯૭ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ક્રમાંક–૪, ૫, ૬, ૮, ૧૦, ૧૪, ૧૭, ૨૩, ૨૫, ૨૯, ૩૮, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૮, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૪, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૦, ૯૨, ૯૪, ૯૫, ૧૦૦ અને ૧૦૨ રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૭–૯૮ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ક્રમાંક– ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૫, ૧૭, ૨૨, ૨૪, ૨૫, ૨૯, ૩૪, ૩૭, ૪૦, ૪૭, ૫૨, ૫૫, ૫૯, ૬૦, ૬૪, ૬૬, ૬૮, ૭૨, ૭૬, ૮૨ થી ૮૮, ૯૧, ૯૮ અને ૧૦૨રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણા મંત્રીશ્રીએ સન ૧૯૯૮–૯૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ ક્રમાંક– ૭, ૮, ૧૦, ૧૨, ૨૪, ૨૫, ૪૪, ૪૭, ૫૧, ૫૫, ૬૬, ૭૩, ૭૪, ૮૦, ૮૨, ૮૩, ૮૪, ૮૬ અને ૮૮ રજૂ કરી અને ત્યારબાદ આ માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કર્યો.

**૩.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો**

**૮. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ ગૃહમાં રજૂ થયેલ સન ૨૦૧૧–૨૦૧૨ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

માનનીય રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી સહિત ૧૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**બુધવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૨**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળ**

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયે જાહેર જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારોને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા.૨૭–૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ– ૨૦૧૨(૧૮)– જીયુવી– ૧૧૨૦૧૧– ૨૮૬૧–ક.

૩. **માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ–૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ (૧૦)ની જોગવાઈ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો**

ત્યારબાદ, માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કર્યો.

૪. **વિશ્વ મહિલા દિન નિમિતે શુભેચ્છા પ્રસ્તાવ**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આવતીકાલે વિશ્વ મહિલા દિન હોઈ તે નિમિત્તે વિશ્વની મહિલાઓને શુભેચ્છાઓ પાઠવતો પ્રસ્તાવ રજૂ કરી શુભેચ્છા પાઠવી. પ્રસ્તુત પ્રસ્તાવમાં સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા તેમજ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ પણ શુભેચ્છાઓ પાઠવી.

૫. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૨ના રોજ અંદાજપત્ર પર અધૂરી રહેલ સામાન્ય ચર્ચા આગળ ચાલી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત વધુ ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૬. **બિન સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી મોહનસિંહ રાઠવાએ, "રાજયના આદિવાસી ભાઈ–બહેનોના આર્થિક વિકાસ માટે રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી સુવિધાઓ તેમજ તેઓને ઘર આંગણે રોજી–રોટી મળી રહે અને અન્ય જિલ્લામાં સ્થળાંતર ન કરવું પડે તે માટે જરૂરી પગલાં લેવા" અંગેનો સંકલ્પ રજૂ કરી પોતાના મંતવ્યો વ્યકત કર્યા અને ત્યારબાદ માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલના પ્રવચન દરમ્યાન, આદિવાસીઓની બાબતમાં વાંધાજનક ઉચ્ચારણો સામે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિરોધ અને નારાજગી વ્યકત કરી સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

૭. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, નિયમ–૫૭(૬) ટાંકી માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ પ્રવચન કરી રહયા હતા તે સમયે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સતત ખલેલ પહોંચાડી જે વર્તન કરેલ છે તે ઉચિત નથી તેમજ બિન સરકારી સંકલ્પના પ્રભારી સભ્યશ્રી મોહનસિંહભાઈ રાઠવા ચર્ચાનો જવાબ આપવાના બદલે સભાત્યાગ કરી ગયા છે એ પણ યોગ્ય નથી, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી ભવિષ્યમાં આ બાબતમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓને કાળજી લેવા ઠપકો આપવા માટે માગણી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય મંત્રીશ્રી પ્રવચન કરી રહયા હતા તે સમયે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ તેઓશ્રીની વારંવારની વિનંતી છતાં સતત ખલેલ પહોંચાડી જે વર્તન કરેલ છે તે ગૃહના અવમાન સમાન છે. તેઓશ્રીએ સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલના મુદ્દા બાબતમાં રેકર્ડ જોઈ નિર્ણય લેશે તેમ જણાવેલ હોવા છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ કરેલ વર્તન ઉચિત નથી તેવુ જણાવી ભવિષ્યમાં આવી કોઈપણ પ્રકારની પ્રવૃતિ ન થાય તેને માટે સૌ સભ્યશ્રીઓને કાળજી લેવાનું જણાવી ઠપકો આપ્યો.

૮. **બિન સરકારી સંકલ્પો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે પ્રવચન પૂરૂં કર્યું.

**સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

(૨) "મિશન મંગલમને સફળ બનાવવા, ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવા અને મહિલા સશકિતકરણ માટે સઘન કાર્યવાહી કરવા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેના સંકલ્પના પ્રભારી સભ્ય ડો. માયાબેન કોડનાની ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૩) સભ્યશ્રી રજનીકાન્ત પટેલે, "કૃષિકારો માટે વિવિધ કૃષિ ઉત્કર્ષકારી પગલાંઓ સુઆયોજીત રીતે અને સુદૃઢપણે ભરવા તથા વૃધ્ધિ સાથે વિકાસની સાતત્યતા જાળવી રાખવા માટે યોગ્ય અને અસરકારક પગલાં ભરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્યો વ્યકત કર્યા અને ત્યારબાદ માનનીય કૃષિ મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**સોમવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૨**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ વિધેયક**

સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૮ સન ૨૦૧૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

બુધવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૨ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી સહિત વધુ ૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ઉકત ચર્ચા દરમ્યાન, સભ્યશ્રી બાબુભાઈ દેસાઈના વકતવ્ય દરમ્યાન, સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવવાની સાથે સતત સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં, માનનીય સભાપતિશ્રીની વારંવાર શાંતિ જાળવવાની વિનંતી છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય સભાપતિશ્રીએ **બપોરના ૨.૨૨ કલાકે સભાગૃહની બેઠક વિરામ સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળી**

૪. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન સભ્યશ્રી સી.કે.રાઉલજીને ઉદ્દેશીને કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં સભ્યશ્રીએ વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી માફી માગે તેવી માગણી કરતા સતત સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં, માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીએ સભ્યશ્રી પર કોઈ વ્યકિતગત આક્ષેપ કર્યો નથી, તેમ છતાં તેઓશ્રી રેકર્ડ જોઈને આક્ષેપ કર્યો હશે તો દૂર કરશે તેમ જણાવેલ હોવા છતાં, સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં, માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૩.૪૯ કલાકે સભાગૃહની બેઠક અરધા કલાક માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪.૧૯ કલાકે ફરી મળી**

૫. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે, નિયમ–૩૪ ટાંકી માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન સભ્યશ્રી સી.કે.રાઉલજી તેમજ સભ્યશ્રી નટવરસિંહ ઠાકોરને ઉદ્દેશીને કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં તેમજ આજની પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રી દેવજીભાઈ ફતેપરાને ઉદ્દેશીને કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ગૃહની માફી માગે તેવી માગણી કરી. પ્રસ્તુત મુદ્દામાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા તેમજ સભ્યશ્રી સી.કે.રાઉલજીએ મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડ જોઈને નિર્ણય કરશે તેમ જણાવ્યું.

આ તબકકે, સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી માફી માગે તેવી માગણી કરતા સતત સૂત્રોચ્ચાર કરી કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં તેમજ સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓએ પણ સૂત્રોચ્ચાર શરૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીની વારંવાર શાંતિ જાળવવાની વિનંતી છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના **૪.૩૯ કલાકે સભાગૃહની આજની બેઠક મુલતવી** રાખી.

**મંગળવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૧૨**

**પહેલી બેઠક**

૧. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

સોમવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૧ના રોજ અંદાજપત્ર પર અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને તેમાં ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

૨. સભ્યશ્રી ડૉ. નીમાબેન આચાર્યના વકતવ્ય દરમ્યાન સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સતત સૂત્રોચ્ચાર કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ જે મુદ્દે રૂલીંગ બાકી હોય તેમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોઈ શકે એમ જણાવી સૌ સભ્યશ્રીઓને સભાગૃહમાં શાંતિ જાળવવા વિનંતી કરી.

૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના પક્ષના સભ્યશ્રીઓના પ્રવચન દરમ્યાન શાંતિ જાળવે છે, જયારે ટ્રેઝરી બેન્ચના સભ્યશ્રી પ્રવચન કરવા ઉભા થાય ત્યારે આ રીતે સૂત્રોચ્ચાર કરી ખલેલ પહોંચાડે છે તે યોગ્ય નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી વિરોધપક્ષના સભ્યશ્રીઓને ઠપકો આપવો જોઈએ એવી માગણી કરી.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સતત સૂત્રોચ્ચાર શરૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીની વારંવાર શાંતિ જાળવવાની વિનંતી છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **સવારના ૯.૧૭ કલાકે સભાગૃહની બેઠક વિરામ સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળી**

૪. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

સભ્યશ્રી ડૉ.નીમાબેન આચાર્યએ અધૂરૂં રહેલ પ્રવચન પૂરૂં કર્યું

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સતત સૂત્રોચ્ચાર ચાલુ રહયા અને સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ ધ્વારા પણ બેઠા બેઠા સતત સૂત્રોચ્ચાર ચાલુ રહયા.

દરમ્યાન ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપવાનો શરૂ કર્યો.

આ તબકકે, સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ શાંતિ જાળવવા વારંવાર વિનંતી કરવા છતાં પરિસ્થિતિમાં કોઈ ફેર ન પડતાં અને સભાગૃહમાં શોરબકોરનું વાતાવરણ ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરૂં થાય છે તેમ જણાવી, **સવારના ૧૧.૩૩ કલાકે સભાગૃહની પહેલી બેઠક મુલતવી** રાખી.

**<u>બીજી બેઠક</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. **શહેરી વિકાસ મંત્રીશ્રીનું દિલગીરી વ્યકત કરતું નિવેદન**

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તા.૧૨–૩–૨૦૧૨ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન તેઓશ્રીના ઉચ્ચારણોથી કોઈ સભ્યશ્રીઓની લાગણી દુભાઈ હોય તો તેઓશ્રીએ ગૃહ સમક્ષ દિલગીરી વ્યકત કરી.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવી.

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩, સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ અને માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મુડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક –૮૯ માહિતી અને પ્રસારણ, બંદરો અને વાહન વ્યવહાર તેમજ વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

માગણી ક્રમાંક–૩૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૯, માગણી ક્રમાંક–૩૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૦ થી ૧૩, માગણી ક્રમાંક–૩૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૪ થી ૧૮, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૯ થી ૨૨, માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨૩ થી ૨૭ અને માગણી ક્રમાંક– ૮૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨૮ થી ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૧ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તથા માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે ચર્ચાના જવાબ દરમ્યાન પૂર્વ વડાપ્રધાન અંગે કરેલાં ઉચ્ચારણો બાબતે સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મંત્રીશ્રી આધાર સાથે માહિતી આપતા હોઈ આપી શકે, તેમ જણાવતાં સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેની સામે નારાજગી વ્યકત કરી **સભાત્યાગ** કરી ગયા.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે અધૂરો જવાબ પૂરો કર્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૩૦, ૩૧, ૩૩, ૫૪, ૭૫ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>બુધવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૨</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો વીસમો અહેવાલ રજૂ કર્યો.

**૩.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે નિયમ–૧૦૮ અન્વયે સભામોકૂફીના પ્રસ્તાવ માટે આપેલ નોટિસ અંગે શૂન્યકાળ બાબતમાં મુદ્દો ઉભો કરવાનો પ્રયત્ન કરી, વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર કરતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ નિયમ ૧૦૮(૫) ટાંકી આ જ વિષય ઉપરની નિયમ–૧૧૬ની નોટિસ દાખલ થઈ હોય ત્યારે નિયમ–૧૦૮ની નોટિસ દાખલ થવાપાત્ર નથી તેમજ સભાગૃહમાં વારંવાર વિરોધપક્ષ તરફથી સામૂહિક સૂત્રોચ્ચાર કરવા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ, સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલ તેમજ સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, રાજયમાં આવી દુઃખદ ઘટના કે બનાવો બને ત્યારે સ્વાભાવિકપણે સૌ સભ્યશ્રીઓને ચિંતા થાય, પરંતુ આપણે સૌ નિયમોથી બંધાયેલા છીએ. આજે સવારે ૧૧.૫૦ વાગ્યે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ અને ઈકબાલભાઈ પટેલ તેઓશ્રી પાસે નિયમ–૧૦૮ની નોટિસ લઈને આવ્યા હતા જે સમયમર્યાદામાં નથી. આથી સભ્યશ્રીઓ નિયમાનુસાર આ બાબતે નોટિસ આપશે તો વિચારણા કરી શકાશે, એમ જણાવી આ જ વિષયની નિયમ–૧૧૬ની સૂચના દાખલ થયેલ હોય ત્યારે નિયમાનુસાર આજ વિષય ઉપર નિયમ–૧૦૮ની નોટિસ દાખલ થઈ શકે નહીં. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે, શૂન્યકાળ અંગે આપણા નિયમોમાં કોઈપણ જોગવાઈ નહીં હોવાથી તેની પ્રથા ગૃહમાં પાડવામાં આવી નથી. ભૂતકાળમાં તેઓશ્રીના પૂર્વ અધ્યક્ષશ્રીએ પ્રસ્થાપિત કરેલા ધોરણો અનુસાર સભ્યશ્રીએ શૂન્યકાળ માટે સંબંધિત મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી મેળવવી જોઈએ તેવુ જણાવી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કર્યો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

ઉર્જાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૨, વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૩, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૪, ઉદ્યોગને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૯, ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૦ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૧૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૭, માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૮ થી ૧૬, માગણી ક્રમાંક–૧૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક – ૧૭ થી ૨૩, માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૪ થી ૨૯ અને માગણી ક્રમાંક ૫૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૦ થી ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગુરૂવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૨**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૨૬, તથા માગણી ક્રમાંક ૧૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૭ અને ૨૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૨૮ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯ અને ૧૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

બિન સરકારી વિધેયકો પરની ચર્ચા હાથ ધરવાના તબકકે માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, નિયમ–૧૪૦ (ક) ટાંકી, વિધેયક ક્રમાંક– ૫ જે તે વખતે આ ગૃહના સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ૨૦૦૮માં દાખલ કર્યું હતું. ત્યાર પછી તેઓશ્રી સંસદમાં ચૂંટાયા હોઈ અત્રે રાજીનામું આપેલ હોવાથી આ ગૃહના સભ્ય રહયા નથી, તેમજ આ વિધેયકના પહેલા, બીજા અને ત્રીજા વાચનના પ્રસ્તાવના મુવર તરીકે સભ્યશ્રી અર્જુનભાઈનું નામ દર્શાવેલ છે. હકીકતમાં આ વિધેયકના તેઓશ્રી પ્રભારી સભ્ય નથી. આ એક વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ સભાગૃહ સમક્ષ ઉભી થઈ છે ત્યારે પ્રભારી સભ્યશ્રી કે જેઓ ગૃહના સભ્યશ્રી નથી ત્યારે તેમના ધ્વારા જયારે આ વિધેયક અન્યને ટ્રાન્સફર કરવામાં આવે તેવા સંજોગોમાં અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન ગૃહને ઉપયોગી થશે એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલે મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય સભાપતિશ્રીએ નિયમ–૧૪૦ (ક) સ્પષ્ટ છે, એમ જણાવી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાના નામે ગૃહમાં વિધેયક દાખલ થઈ ગયું હોવાથી બંધારણની કલમ–૧૯૬(૩) હેઠળ આ વિધેયક સભાગૃહની પ્રોપર્ટી બનતું હોવાથી, સભ્યશ્રી બાવળિયા આ ગૃહના સભ્ય તરીકે રહયા ન હોવા છતાં પણ તેમના નામે નિયમ–૧૪૦–ક ની જોગવાઈ મુજબ આ વિધેયક ચાલુ રહેતુ હોવાથી કામકાજની યાદીમાં દર્શાવેલ છે. તેમજ આ વિષયની વસ્તુતઃ સમાન સૂચના સભ્યશ્રી અર્જુનભાઈએ ગુજરાત વિધાનસભા સચિવાલયને આપી હતી, પરંતુ આવું જ વિધેયક ગૃહ સમક્ષ પડતર હોવાથી સૂચના દાખલ કરવામાં આવી ન હતી. તેથી તેઓશ્રીએ આ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી માગી હતી, જેને માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૧૪૦–ક હેઠળ પરવાનગી આપી હતી. એમ જણાવી માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરી સભ્યશ્રી અર્જુનભાઈને વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરવાની અનુમતિ આપી.

**૪. બિન–સરકારી વિધેયકો**

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૦૮નું ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક (પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા) પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું અને રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક–૩૮– સન ૨૦૧૧નું ગુજરાત અમૂક જાહેર સ્થળોમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૦નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૧૦નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**શુક્રવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૧૨**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ અને સરકારી હુકમ તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૮) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સન ૨૦૦૭–૨૦૦૮ અને સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક ઓડિટ અહેવાલો, સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૭–૨૦૦૮ અને સન ૨૦૦૮–૨૦૦૯ ના ઓડિટ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૯) ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૦) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૧) શ્રમ અને રોજગાર વિભાગની સન ૨૦૦૮ના બિન–સંગઠિત કામદારોની સામાજિક સુરક્ષા બાબત અધિનિયમ અન્વયેની,–

૧) તા.૧૯–૯–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– કેએચઆર– ૨૦૧૧– ૧૦૮– યુઓએલ– ૧૩૨૦૧૧–૨૧૯– એમ–૨.

૨) તા.૨–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– કેએચઆર– ૨૦૧૧– ૧૪૩– યુઓએલ– ૧૩૨૦૦૯–૮૨૬૭૮– એમ.૨

(૧૨) સામાન્ય વહીવટ વિભાગની ભારતના સંવિધાન અન્વયેની તા.૧૯–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– જીએસ–૨૦૧૧– ૨૪– પીએસસી– ૧૦૨૦૦૮– ૪૫૩૬૫૫– ગ.૨

(૧૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની તા.૮–૨–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક– કેવી– ૨૦૧૨ નો ૧૪– ઈએલઈ– ૧૦૨૦૧૦– ૭૦૬૩– પી.

(૧૪) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની તા.૨૬–૩–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ– ૯ – ૪૮– એસઆઈઆર– ૧૧૨૦૦૯– ૨૦૬૦૯૪– આઈ.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૬, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૭, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૮, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૧ તેમજ શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ માનનીય જળસંપત્તિ, પાણી પુરવઠા તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૬૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩ થી ૧૦, માગણી કમાંક ૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૨ થી ૨૧, માગણી ક્રમાંક ૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩, અને માગણી ક્રમાંક ૧૦૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૪ થી ૨૮, ૩૧ થી ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

ઉપર્યકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩ થી ૧૦, ૧૨ થી ૨૧, ૨૩ થી ૨૮ અને ૩૧ થી ૩૯ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૬૬, ૬૭, ૬૮, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## સોમવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૧૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી ગુલસીંગભાઈ રાઠવાએ નિયમ ૧૧૬ અન્વયે, "તા.૧૩–૩–૨૦૧૨ના રોજ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના પાણેજ ગામે દેશી દારૂ પીધા બાદ લઠ્ઠાકાંડ સર્જાતા તેનાથી બે વ્યકિતના અવસાન થયેલ છે અને ૨૨ જેટલા અસરગ્રસ્ત લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તે વિસ્તારની પ્રજામાં ફેલાયેલ હાહાકાર અને ચિંતાની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રફૂલભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨, નાની સિંચાઈ ભૂમિ સંરક્ષણ વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬, ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૦ માનનીય કૃષિ, સહકાર, મત્સ્યોદ્યોગ અને કાયદા મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૯, માગણી ક્રમાંક ૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક ૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૨ થી ૧૬, માગણી ક્રમાંક ૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૭, ૧૮, ૨૦ થી ૨૩, માગણી ક્રમાંક ૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૪ થી ૨૮ અને માગણી ક્રમાંક ૬૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૯ થી ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ આપ્યો.

માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૮ અને ૨૦ થી ૩૩ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૫, ૬ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૪. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માગણીઓ ઉપરની ચર્ચાના જવાબ દરમ્યાન, માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ કરેલ ચીફ જસ્ટીસ અને કેન્દ્રીય મંત્રીશ્રી બાબતના ઉલ્લેખો સંબંધમાં સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય કાયદા મંત્રીશ્રીએ પોતાનું મંતવ્ય બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીએ કોઈ ટીકા કરી નથી માત્ર ઉલ્લેખ કર્યો છે તેમ જણાવી સભ્યશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો હતો.

## મંગળવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૧૨

## પહેલી બેઠક

૧. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૩ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા

અંગેની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૪ તેમજ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૯, સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૦, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૧ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨ થી ૭ અને ૯, માગણી ક્રમાંક ૨૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૨ થી ૧૩, માગણી ક્રમાંક ૨૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫, માગણી ક્રમાંક ૬૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૭, ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯, માગણી ક્રમાંક ૭૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૧ અને ૩૨ તથા માગણી ક્રમાંક ૭૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૩ થી ૩૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૧ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે આપ્યો.

માગણીઓ ઉપરની ચર્ચાના જવાબ બાદ સભ્યશ્રી શૈલેષભાઈ પરમારના પૂરક પ્રશ્નના જવાબથી સંતોષ ન થતાં સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ, ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૨ થી ૫, ૭, ૯, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯, ૩૧ થી ૩૫ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક– ૨૨, ૨૩, ૨૪, ૬૯, ૭૦ અને ૭૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાર (સાતસો દિવસ)**

મહેસૂલ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૬, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૮, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૯, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૬, ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૭ માનનીય મહેસૂલ અને માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમજ મહિલા અને બાળ વિકાસને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૫ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૭૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૭, ૮ થી૧૨, માગણી ક્રમાંક ૭૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૩, ૧૫ થી ૧૭ અને ૧૯, માગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૦ થી ૨૨, માગણી ક્રમાંક ૮૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક ૮૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૬ થી ૨૯, ૩૧ થી ૩૫, માગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૩૬ થી ૪૦ તથા માગણી ક્રમાંક ૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૪૧, ૪૨, ૪૪, ૪૬ અને ૪૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ તેમજ માનનીય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યો.

માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૭ થી ૧૩, ૧૫ થી ૧૭, ૧૯ થી ૨૨, ૨૪ થી ૨૯, ૩૧ થી ૪૨, ૪૪, ૪૬ અને ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૬, ૭૮, ૭૯, ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૧૨

૧. તારાંકિત યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ–૧માં પૂરક પ્રશ્ન પૂછવા સભ્યશ્રી બાબુભાઈ ઉભા થયા.

આ તબક્કે સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલે મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ રીતે પ્રદર્શનો કરી શકાય નહીં તેમ જણાવી તેમને રોકતાં, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ ઉભા થઈ છાપાના કટિંગ બતાવી સતત સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરવા છતાં

સભાગૃહમાં સૂત્રોચ્ચાર અને શોરબકોરનું વાતાવરણ સતત ચાલુ રહયું અને કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય લાગતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧૨.૦૨ કલાકે સભાગૃહની બેઠક એક કલાક માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૨ કલાકે ફરી મળી**

સભાગૃહની બેઠક શરૂ થતાં સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી નિયમ–૪૫ હેઠળ ખુલાસો કરવા ઉભા થતાં સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યો.

**૨.** માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આજની પ્રશ્નોત્તરી દરમ્યાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરી પાટલીઓ થપથપાવી તેમજ છાપાના કટિંગનું પ્રદર્શન કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી તેમજ સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી નિયમ–૪૫ હેઠળ અંગત ખુલાસો કરવા ઉભા થતાં તેમને અંગત ખુલાસો કરતા રોકવાનો પ્રયત્ન કરી સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખી, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત ખલેલ પહોંચાડતા સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓને નિયમ–૫૨ હેઠળ નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી રહેલા તમામ સભ્યશ્રીઓને નિયમ–૫૨ હેઠળ નેઈમ કર્યા.

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, નિયમ–૫૨ હેઠળ નેઈમ કરાયેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. આ પ્રસ્તાવને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

માનનીય અધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરાયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને બહાર લઈ જવા માટે સલામતીદળના અધિકારીઓને આદેશ આપી, **બપોરના ૧.૦૯ કલાકે સભાગૃહની બેઠક અરધા કલાક માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૩૯ કલાકે ફરી મળી**

**૪. સભ્યશ્રીનો અંગત ખુલાસો (નિયમ–૪૫)**

સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ, આજના વર્તમાનપત્રોમાં તેઓશ્રીની સામે અશ્લીલ વીડીયો કિલપિંગ બાબતમાં આવેલ સમાચારો અંગે કેટલીક સ્પષ્ટતા તેમજ આઈપેડ અધ્યક્ષશ્રી પાસે જમા કરવાની સાથે સમગ્ર પ્રકરણની તપાસ માનનીય અધ્યક્ષશ્રી તેમજ વિશેષાધિકાર સમિતિ કક્ષાએ કરવાની માગણી કરતો નિયમ–૪૫ હેઠળ અંગત ખુલાસો કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સામે થયેલ આક્ષેપો બાબતમાં સભ્યશ્રીએ કરેલ રજૂઆતો જોતાં આ બાબત પ્રથમ દર્શને આ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાનનો મુદ્દો બનતો હોઈ વિધાનસભાના નિયમોના નિયમ–૨૫૩ હેઠળ સમગ્ર પ્રકરણની તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપવાની જાહેરાત કરવાની સાથોસાથ સભ્યશ્રીનું આઈપેડ વિધાનસભાના સચિવશ્રી પાસે જમા લઈ તેને એફએસએલને તપાસ માટે સોંપવાનું જાહેર કર્યું.

૫. **અધ્યક્ષશ્રીને અધ્યક્ષપદેથી દૂર કરવા માટેના પ્રસ્તાવને સભાગૃહની પરવાનગી બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"આ સભાગૃહ, વિધાનસભાના અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા ઠરાવે છે."

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ ઉકત પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવાની તરફેણમાં હોય તે સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર ઉભા થવાનું જણાવતાં, પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રીઓ ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલા હોઈ, કોઈપણ સભ્યશ્રી ઉભા ન થતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઉકત પ્રસ્તાવને રજૂ કરવા ગૃહની પરવાનગી મળતી નથી તેમ જાહેર કર્યું.

**૬.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો એકવીસમો અહેવાલ રજૂ કર્યો.

**૭.** બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના એકવીસમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૭, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૩ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૬ માનનીય વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમજ કલાઈમેટ ચેઈન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઈમેટ ચેઈન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૭ માનનીય રાજયકક્ષાના કલાઈમેટ ચેઈન્જ વિભાગના મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩, ૯૬ અને ૧૦૭ ઉપરની કાપ દરખાસ્તોના સંબંધિત સભ્યશ્રીઓ સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલ હોઈ ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઈ નહીં.

માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને તેમાં૧૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તેમજ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩, ૯૬ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગુરૂવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૨**

૧. તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૧ ઉપરના પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી શરૂ થઈ.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સૂત્રોચ્ચાર સતત ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧૨.૦૩ કલાકે સભાગૃહની બેઠક પ્રશ્નોત્તરી સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ કલાકે ફરી મળી**

૨. પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૩. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી વીરસિંહભાઈ જયોતિભાઈ ભાભોર તથા સ્વ.શ્રી ભુરાભાઈ જેતાભાઈ કટારાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય વિરોધપક્ષના ઉપનેતાશ્રી મોહનસિંભાઈ રાઠવા, સભ્યો સર્વશ્રી હીરાભાઈ પટેલ, શ્રી બચુભાઈ કિશોરી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ તેમજ સભ્યશ્રી જેઠાભાઈ ભરવાડે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સદગતોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪ સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

૫. સચિવશ્રીએ બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે, તેવાં સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૩, ૫, ૬ અને ૮ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

૬. જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલાએ સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કર્યો.

૭. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૩ અને જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૪ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલે તેમજ શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૭ અને પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંક ૭૪ માનનીય શ્રમ, રોજગાર, બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૭૪ ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ પૈકી કેટલાંક સભ્યશ્રીઓ ઉપસ્થિત હોવા છતાં રજૂ કરી નહીં.

આ તબકકે, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલી થપથપાવી અને સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીની શાંતિ જાળવવાની વારંવારની વિનંતી છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહયો અને કાર્યવાહી ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧.૨૮ કલાકે સભાગૃહની બેઠક બપોરના ૨.૧૫ વાગ્યા સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૧૫ વાગ્યે ફરી મળી**

૮. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ પાટલી થપથપાવી અને સૂત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીની શાંતિ જાળવવાની વિનંતી છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા, કાર્યવાહી ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૨.૧૮ કલાકે ગૃહની બેઠક વિરામ સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ બપોરના ૩.૧૫ વાગ્યે ફરી મળી**

**૯. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી બિન–સરકારી સંકલ્પ રજૂ કરી રહયા હતા તે તબકકે સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ ઉભા થઈ પાટલીઓ થપથપાવી સતત સૂત્રોચ્ચાર કરતાં, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આજ સવારથી જ વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતપોતાનું સ્થાન છોડી આગળની હરોળમાં ભેગા થઈ સતત સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી રહયા છે તેમજ અત્યારે બિન–સરકારી સંકલ્પો છે ત્યારે ગૃહના ઈતિહાસમાં બિન–સરકારી કામકાજને કયારેય અટકાવવાનો પ્રયત્ન થયો નથી તેમ જણાવી સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય સભાપતિશ્રીએ, સૂત્રોચ્ચાર અને દેખાવો કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઈમ કર્યા.

**૧૦ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલા, નિયમ–પર હેઠળ નેઈમ કરાયેલા વિરોધપક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને આજની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. આ પ્રસ્તાવને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન કર્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ માનનીય સભાપતિશ્રીએ સસ્પેન્ડ કરાયેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવા સલામતિ અધિકારીઓને આદેશ આપી **બપોરના ૩.૨૧ કલાકે સભાગૃહની બેઠક પંદર મિનિટ માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૩.૩૬ વાગ્યે ફરી મળી**

**૧૧. બિન સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરીએ, "મિશન મંગલમને સફળ બનાવવા, ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવા અને મહિલા સશકિતકરણ માટે સઘન કાર્યવાહી કરવા સભાગૃહ ધ્વારા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્યો વ્યકત કર્યા અને ત્યારબાદ માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

(૨) સભ્યશ્રી અનિલકુમાર માળીએ, "ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન વધુ દૃઢીભૂત, સક્ષમ અને વધુ કાર્યક્ષમતાથી ચાલુ રહે તે માટે સભાગૃહ ધ્વારા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્યો વ્યકત કર્યા અને ત્યારબાદ માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી સહિત ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

**<u>શુક્રવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૨</u>**

૧. તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૧ ઉપરના પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી શરૂ થઈ.

આ તબકકે, સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સૂત્રોચ્ચાર સતત ચાલુ રહયો અને ગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **સવારના ૮.૩૬ કલાકે સભાગૃહની બેઠક પ્રશ્નોત્તરી સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળી**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૮) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૯) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૧–૨૦૧૨ના અંદાજો તેમજ આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૦) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન તથા સન ૨૦૧૧–૨૦૧૨ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૨–૨૦૧૩નું અંદાજપત્ર

(૧૨) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો

(૧૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની તા.૨૮–૧૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– કેપી–૨૦૧૧નો ૧૮૭– ઈએલસી– ૧૦૨૦૦૯–૩૫૭–ગ.

(૧૪) ઉદ્યોગ અને ખાણ વિભાગની,–

૧) સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની તા.૧૩–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચયુ– ૧૦૨૦૧૧(૨૪)– જીઆઈડી– ૧૦૨૦૦૯– ૨૫૧૩– જી.

૨) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા.૧૨–૧–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચયુ– ૧૦૨૦૧૧૨(૧) – જીયુડી– ૧૦૨૦૦૪– ૧૪૯૬ (પીએફ–૧)– જી.

(૧૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૨૦૦૩ના ઈલેક્ટ્રીકસીટી અધિનિયમ અન્વયેના સન ૨૦૧૦ના જાહેરનામા ક્રમાંકઃ– ૩, ૪, ૫, ૬ અને સન ૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંકઃ– ૧, ૨, ૩ અને ૪.

(૧૬) તા.૭–૩–૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– ૨૫૭૭૬ (અગ્રતાક્રમ–૨)ના અનુસંધાને રાજકોટ જિલ્લામાં પશુ ડોકટરોની ખાલી જગ્યાઓ અંગેની વધારાની માહિતી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૦, પ્રવાસનને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૧ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

માગણી ક્રમાંક ૩૯, ૪૦ અને ૫૧ ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ પૈકી કેટલાંક સભ્યશ્રીઓ ઉપસ્થિત હોવા છતાં રજૂ કરી નહીં.

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ ૫૭, ૪૭ અને ૫૨ ટાંકી છેલ્લા ત્રણ દિવસથી વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરી, વિધાનસભાનું સાહિત્ય ફાડી તેના કાગળો ગૃહમાં છૂટા ફેંકી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી અધ્યક્ષશ્રીના આદેશોનું પાલન નહીં કરીને ગૃહનું અવમાન કરી રહયા છે તેમને નિયમ–૫૨ હેઠળ નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહી સતત અવરોધવા બદલ નિયમ–૫૨ હેઠળ નેઈમ કર્યા.

**૫. સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, સૂત્રોચ્ચાર, દેખાવો અને પ્રદર્શન કરી રહેલા અને નિયમ– ૫૨ હેઠળ નેઈમ કરાયેલા વિરોધપક્ષના ઉપસ્થિત સભ્યશ્રીઓને આજની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. આ પ્રસ્તાવને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરાયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવાનો સલામતી અધિકારીઓને આદેશ આપી **સવારના ૯.૫૧ કલાકે સભાગૃહની બેઠક વિરામ સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ બેઠક વિરામ બાદ સવારના ૧૧.૦૦ કલાકે ફરી મળી**

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)**

માગણીઓ પર ચર્ચા શરૂ થઈ.

**૭. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ વિધાનસભાના પ્રિમાઈસીસમાં જ સમાંતર વિધાનસભા કરી સભાગૃહનું અવમાન કરી રહેલ છે તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી તેમને ઠપકો આપી આ પ્રવૃત્તિ કરતા રોકવા માટે માગણી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના પ્રિમાઈસીસમાં કોઈપણ કાર્યવાહી કરવી હોય તો તેઓશ્રીની પરવાનગી લેવી પડે છે, વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિધાનસભાના પ્રિમાઈસીસમાં સમાંતર વિધાનસભા કરી સભાગૃહનું અવમાન કરેલ છે તેથી તેઓને ઠપકો આપવાની સાથેસાથે સલામતી અધિકારીઓને આવી પ્રવૃત્તિ બંધ કરાવવા અધિકારીઓને આદેશ આપ્યો.

**૮. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી સંબંધમાં તા.૨૦મી માર્ચના રોજ વિધાનસભામાં અભદ્ર કલીપીંગ જોવાના તા.૨૧મી માર્ચના રોજ પ્રસિધ્ધ થયેલા સમાચારોના સંદર્ભમાં તેઓશ્રીના આઈપેડની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર ધ્વારા કરવામાં આવેલ વૈજ્ઞાનિક ચકાસણી અને પૃથ્થકરણ અંગેના અહેવાલની ગૃહમાં જાહેરાત કરતા જણાવ્યું કે, આ આઈપેડમાંથી ગૃહમાં ઈન્ટરનેટ સર્ફીંગ કે તેની વેબસાઈટો જોવાની બાબત સાબિત થતી નથી. આ આઈપેડમાં રેકોર્ડ થયેલ ૪૧૬૨ ફોટાઓ તેમજ અન્ય સાહિત્યનું પરિક્ષણ કરતા તેમાં અશ્લીલ, અભદ્ર કે વાંધાજનક કોઈ ફોટો કે કિલપીંગ કે રેકોર્ડીંગ જોવા મળતું નથી. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર ધ્વારા કરવામાં આવેલ વૈજ્ઞાનિક પરિક્ષણના સંબંધે તેઓશ્રીને સીલબંધ કવરમાં મળેલ ત્રણ પાર્સલો અને અહેવાલ વિશેષાધિકાર સમિતિને સોંપવાની પણ જાહેરાત કરી.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)**

માગણીઓ પરની ચર્ચામાં ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો. અને માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

માગણી ક્રમાંક ૩૯, ૪૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૦. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માગણીઓ પરની ચર્ચા દરમ્યાન, માનનીય મંત્રીશ્રીના જવાબ સમયે, બેઠકનો સમય પૂરો થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને માનનીય સભાપતિશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો હતો.

## <u>સોમવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૨</u>

૧. તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૧ના પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી શરૂ થઈ.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સમાન પ્રકારના સૂત્રોના લખાણવાળા કાળા પટ્ટા ખભા ઉપર ધારણ કરી ગૃહમાં પ્રવેશતાં, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં કોઈપણ પ્રકારનું પ્રદર્શન થઈ શકતું નથી, આ ગૃહનું અવમાન છે અને પૂર્વ અધ્યક્ષશ્રીઓના પણ નિર્ણયો છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ કોઈપણ પ્રકારનું પ્રદર્શન થઈ શકતું નથી અને પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો છે. આ ગૃહનું અવમાન છે જે યોગ્ય નથી અને ગૃહ નિયમાનુસાર ચાલવું જોઈએ એમ જણાવી શાંતિ જાળવવા વિનંતી કરી.

દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સતત સૂત્રોચ્ચાર અને પ્રદર્શન ચાલુ રહેતાં તેમજ સત્તાધારી પક્ષ તરફથી પણ સૂત્રોચ્ચાર ચાલુ થતાં, સભાગૃહમાં સૂત્રોચ્ચાર, પ્રદર્શન અને શોરબકોરનું વાતાવરણ સતત ચાલુ રહેતાં કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧૨.૦૪ કલાકે ગૃહની બેઠક પ્રશ્નોત્તરી સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી**

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રશ્નોત્તરી સમય દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા સમાન પ્રકારના સૂત્રોના લખાણવાળા કાળા પટ્ટા ધારણ કરી પ્રદર્શન અને નિદર્શનો કરી માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરી, આ પ્રદર્શન ચાલુ રાખ્યું છે તેનાથી આ ગૃહનું અવમાન થાય છે. કોઈપણ હિસાબે આ પ્રકારનું નિદર્શન ચાલે નહીં એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. આ મુદ્દામાં સભ્યશ્રી ઈકબાલભાઈ પટેલ અને અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ અને શ્રી દિલીપભાઈ સંઘાણીએ મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સભ્યશ્રી ઈકબાલભાઈ અને શ્રી અર્જુનભાઈનો મુદ્દો પ્રશ્નોત્તરી દરમ્યાન પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા અંગેનો છે, જયારે માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો મુદ્દો ગૃહના અવમાનનો છે તેમ જણાવી નિર્ણય આપતાં જણાવ્યું કે, ગૃહના અવમાનનો મુદ્દો ગમે તે સમયે ઉપસ્થિત કરી શકાય, પ્રશ્નોત્તરી દરમ્યાન પણ અવમાનનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય. વિરોધપક્ષના સભ્યશ્રીઓએ આ પ્રકારના દેખાવો અને નિદર્શન કરી ગૃહનું અવમાન કરેલ

છે તે બદલ તેમને ઠપકો આપું છું. તેમજ તેમણે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો માન્ય રાખી વિરોધપક્ષના સભ્યશ્રીઓને આ પ્રકારના દેખાવો અને નિદર્શનોથી દૂર રહેવા જણાવ્યું.

દરમ્યાન બન્ને પક્ષે સૂત્રોચ્ચાર, ઘોંઘાટ અને શોરબકોરનું વાતાવરણ સર્જાતા કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧.૨૦ કલાકે સભાગૃહની બેઠક એક કલાક માટે મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૨૦ વાગ્યે ફરી મળી**

સભાગૃહની બેઠક શરૂ થતાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશ અને ઠપકા પછી પણ વિરોધપક્ષના સભ્યશ્રીઓ કાળો પટ્ટો ધારણ કરીને અધ્યક્ષશ્રીના નિર્ણયનો અનાદર કરી રહયા છે તે બદલ ગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ આ રીતે ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી ગૃહની કાર્યવાહીને અવરોધતા ગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૨ હેઠળ નેઈમ કર્યા.

૪. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ-૫૨ હેઠળ ગૃહમાં ઉપસ્થિત નેઈમ કરાયેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવાનો સલામતી અધિકારીઓને આદેશ આપી **બપોરના ૨.૨૨ કલાકે સભાગૃહની બેઠક વિરામ સમય સુધી મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક વિરામ બાદ ૩.૧૫ વાગ્યે ફરી મળી**

૫. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ તા.૨૩મી માર્ચના રોજ વિરોધપક્ષના સભ્યશ્રીઓ ધ્વારા વિધાનસભાના પ્રિમાઈસીસમાં મોક વિધાનસભા યોજી, માનનીય અધ્યક્ષશ્રીનું મોહરૂ પહેરી કરેલ વર્તન અને ઉચ્ચારણો અધ્યક્ષશ્રી અને સભાગૃહના અવમાન સમાન છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રી પાસે તેમની સામે કાર્યવાહી કરવાની માગણી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત અતિ ગંભીર હોઈ પૂર્વ અધ્યક્ષશ્રીઓના રૂલિંગો અને નિયમો ચકાસીને નિર્ણય પછી જાહેર કરશે એમ જણાવ્યું.

૬. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

નિયમ-૧૧૬ અન્વયે, "તાજેતરમાં નડીયાદ તાલુકાના પીપલગ ગામની સીમમાં આવેલ ફાર્મ હાઉસમાંથી અંદાજે સવા કરોડ રૂપિયાનો ઈંગ્લીશ દારૂ પકડવામાં આવ્યો છે. રાજયમાં નશાબંધીનો અમલ હોવાછતાં આ દારૂ કયા રસ્તેથી, કોની પાસેથી અને કેવી રીતે આવ્યો તે ગંભીર બાબત છે. એકજ જગ્યાએથી આટલી મોટી રકમનો દારૂનો જથ્થો પકડાતાં પોલીસતંત્રની નિષ્ક્રિયતા બાબતે આમજનતામાં ફેલાયેલ રોષ દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રીઓને આજની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલ હોઈ ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબતની કાર્યવાહી હાથ ધરી શકાઈ નહીં.

૭. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૮. ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી ડો.નીમાબેન આચાર્યએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

૯. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોનું કલ્યાણને લગતી સેવા અંગેની સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૫ અને યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૮ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રજૂ કરી.

ઉપર્યુકત માગણી ક્રમાંક ૯૨, ૯૫ અને ૯૮ ઉપરની કાપ દરખાસ્તોના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહની આજની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરાયેલ હોઈ, ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી કાપદરખાસ્તો રજૂ થઈ નહીં.

માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૦ **માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

મોક વિધાનસભા સંબંધે ઉપસ્થિત કરેલ મુદ્દા અંગે માનનીય અધ્યક્ષશ્રીએ અનામત રાખેલ નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે, અગાઉ સન ૧૯૮૨, ૨૦૦૫ અને ૨૦૦૯માં મોક વિધાનસભાઓના આયોજન થયાં હતાં ત્યારે આ બાબત નિયમ–૨૬૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને સોંપાઈ હતી તેમ જણાવી, પ્રસ્તુત કિસ્સામાં પણ વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી, તેઓશ્રી આ બાબત નિયમ–૨૬૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે સોંપે છે તેમ જણાવ્યું.

૧૧. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ આપવાનો આપ્યો અને ત્યારબાદ માગણી ક્રમાંક ૯૨, ૯૫ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૧. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માગણીઓ પરની ચર્ચાના જવાબ દરમ્યાન સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરેલ અને માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવેલ હતો.

**<u>મંગળવાર, તા.૨૭મી માર્ચ, ૨૦૧૨</u>**

**૧. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભાગૃહની બેઠક શરૂ થતાંની સાથે જ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં સમાન પ્રકારના સૂત્રો અને લખાણ વાળી ટોપીઓ ધારણ કરી પ્રદર્શન કરી રહયા છે તે કરી શકાય નહીં એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ ગઈ કાલે આ બાબતમાં લંબાણપૂર્વક ચર્ચા થઈ છે, ગૃહનું સન્માન જાળવવાની સૌ સભ્યશ્રીઓની ફરજ છે અને આ રીતે ગૃહમાં પ્રદર્શન કરી શકાય નહીં. આ બાબતે ગઈકાલે રૂલિંગ આપ્યું છે, છતાં આજે રિપીટ થાય છે તે સભાગૃહનું અવમાન છે અને આ કોઈપણ રીતે વાજબી નથી એમ જણાવી વિરોધપક્ષના સભ્યશ્રીઓને પ્રદર્શનો દૂર કરવા જણાવ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના **૧૨.૦૨ કલાકે સભાગૃહની બેઠક પ્રશ્નોત્તરીના સમય સુધી મુલતવી રાખી.**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી**

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય નાણામંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, વેચાણવેરા સમાધાન યોજના–૨૦૧૨ અંગેનું નિવેદન વાંચીને રજૂ કર્યું.

૩. માનનીય સભાપતિશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો અઢારમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અઢારમાં અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૫, કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૭ અને પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૮ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૧૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૨, માગણી ક્રમાંક ૧૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૩ થી ૧૭, માગણી ક્રમાંક ૧૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૮ થી ૨૧ તથા માગણી ક્રમાંક ૧૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૨ થી ૨૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય સભાપતિશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૨૨૮(૩) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કર્યા બાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા શરૂ થઈ.

૬. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, તેઓશ્રીને પોલીસ અધિક્ષક, દાહોદના તા.૨૫–૩–૨૦૧૨ના ફેક્સ મેસેજથી તા.૨૫–૩–૨૦૧૨ના રોજ ગુના રજીસ્ટર નં.૧૮૪/૨૦૧૦ થી દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૨૬ અને બી.પી. એકટની કલમ–૧૩૫ હેઠળ નોંધાયેલા ગુના સંબંધમાં ૧૧૭– રાજગઢ મત વિસ્તારના ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણની તા.૨૫–૩–૨૦૧૨ના રોજ ૧૨.૦૦ કલાકે ધરપકડ કરી એ જ દિવસે તેમને ૧૩.૦૦ કલાકે ફોજદારી પરચુરણ અરજી ૧૯૩૬/૧૨ ઉપર ગુજરાત હાઈકોર્ટે આપેલ આગોતરા જામીન અન્વયે મુકત કરવામાં આવ્યા તે સંબંધમાં જાહેરાત કરી.

૭. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માગણીઓ પરની ચર્ચા આગળ ચાલી અને રાજયકક્ષાના નાણામંત્રીશ્રી સહિત કુલ ૯ સભ્યશ્રીઓએ તેમાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ શરૂ કર્યો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઈ, "કેગનો અહેવાલ રજૂ કરો" તે પ્રમાણેના સતત સૂત્રોચ્ચાર કરતા કરતા **સભાત્યાગ** કરી ગયા.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ચર્ચાનો અધૂરો રહેલ જવાબ પૂરો કર્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૨૪ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષની માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**બુધવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૧૨**

૧. તારાંકિત પ્રશ્ન અગ્રતાક્રમ–૧ રજૂ થયો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ કેગનો રિપોર્ટ રજૂ કરોના બેનરોનું પ્રદર્શન કરવાની સાથે સતત સૂત્રોચ્ચાર શરૂ કર્યો. માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં આ રીતે પ્રદર્શન કરી શકાય નહીં તેવું જણાવી **બપોરના ૧૨.૦૨ કલાકે પ્રશ્નોત્તરી સમય સુધી સભાગૃહની બેઠક મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી**

માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી નિયમ–૪૪ નિવેદન રજૂ કરી રહયા હતા તે તબકકે સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે સીંગતેલના ભાવ વધારા બાબતે શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આપણે ત્યાં ઝીરો અવર્સની પ્રથા નથી અને આપે મંત્રીશ્રીની પરવાનગી લેવી જોઈએ, સભાગૃહ નિયમો પ્રમાણે ચાલે એમ જણાવ્યું.

આ દરમ્યાન પણ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ તેલના પ્લાસ્ટિકના ડબ્બા તથા બેનરોનું પ્રર્દશન કરવાની સાથોસાથે સૂત્રોચ્ચાર શરૂ રાખતાં માનનીય અધ્યક્ષશ્રીની સભ્યશ્રીઓને પોતપોતાનું સ્થાન લેવાની વારંવારની વિનંતી છતાં પ્રદર્શનો અને સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં અને કાર્યવાહી આગળ ચલાવવનું અશકય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ **બપોરના ૧.૦૨ કલાકે સભાગૃહની બેઠક અરધા કલાક માટે મુલતવી રાખી.**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૩૨ વાગ્યે ફરી મળી**

**૨. જાહેર અગત્યની બાબત પર નિવેદન (નિયમ–૪૪)**

માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે, "વીજ બિલોના પડતર કેસો સંબંધે માફી યોજના જાહેર કરવાના નિર્ણય" અંગે નિયમ–૪૪ હેઠળ નિવેદન વાંચીને રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

**૩.** આ દરમ્યાન સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ બેનરોનું પ્રદર્શન કરવાની સાથે સાથે સૂત્રોચ્ચાર શરૂ કરતાં, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષના સભ્યશ્રીઓ અધ્યક્ષશ્રીનો આદેશ હોવા છતાં પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરી રહેલ છે, જેનાથી ગૃહનું અવમાન થાય છે, માટે સભાગૃહમાં વિરોધપક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલ, સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–૫૨ હેઠળ નેઈમ કર્યા.

**૪. માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નિયમ–૫૨ હેઠળ નેઈમ કરાયેલા સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓને તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૨ સુધીની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેને માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવાનો સલામતી અધિકારીઓને આદેશ આપી બપોરના **૧.૫૨ કલાકે સભાગૃહની બેઠક પંદર મિનિટ મુલતવી** રાખી.

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૦૭ વાગ્યે ફરી મળી**

**૫. પોઈન્ટ ઓફ ઓર્ડર અને ઓચિત્યભંગનો મુદ્દો**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ ભારતના આર્ટિકલ્સ ૧૫૧(૨), વિધાનસભાના નિયમોના નિયમ–૧૭૩(૨) તેમજ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦–૧૯૮૪)નો નિર્ણય ક્રમાંક–૩૨, પાના નં.૨૯ ટાંકી જણાવ્યું કે, સી.એ.જી.ના અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ રજૂ કરવામાં બંધારણ કે નિયમોની કોઈ જોગવાઈઓનો ભંગ થતો નથી. આજે કેટલાક અખબારોમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સી.એ.જી.ના અહેવાલમાં સમાવિષ્ટ આંકડાઓની પ્રસિધ્ધ કરાવી તેમજ અધ્યક્ષશ્રીના પ્રિમાઈસીસમાં સાઈન બોર્ડ લઈને ઘૂમીને તથા સૂત્રોચ્ચાર કરી ગૃહનું અવમાન કરેલ છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડર તથા ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માંગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ મંતવ્ય વ્યકત કરી જણાવ્યું કે, તા.૨૬મીના રોજ મળેલ કામકાજ સલાહકાર સમિતિની બેઠકનો બહિષ્કાર કરવા સંબંધે લખેલ પત્રની વિગતો આક્ષેપાત્મક તથા પત્રને પ્રચાર માધ્યમો સુધી પહોંચાડી વિરોધપક્ષના નેતાશ્રી તેમજ ઉપનેતાશ્રીએ ઔચિત્યનો ભંગ કર્યો છે એમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાને ગંભીરતાથી લઈ આ બાબતે સંપૂર્ણ અભ્યાસ કરીને રૂલિંગ આપશે એમ જણાવ્યું.

૬. (૧)બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે સમિતિનો બાવીસમો અહેવાલ રજૂ કર્યો.

(૨) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી કાંતિલાલ લકુમે સમિતિનો દશમો અહેવાલ રજૂ કર્યો.

(૩) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

૭. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બાવીસમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૮. સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી ફતેસિંહ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કયો કે, "આ સભાગૃહ, સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

૯. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૫ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ વિધેયક,

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૧ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક,

(૩) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૨ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ધ્વિતીય)વિધેયક.

(૪) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૩ – સન ૨૦૧૨નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતીય) વિધેયક,

(૫) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૦ – સન ૨૦૧૨નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક.

૧૦. **બેઠકનો સમય લંબાવવા બાબત**

સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૧૨ની ચર્ચા દરમ્યાન વિરામનો સમય થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ તે વિધેયક પસાર થાય ત્યાં સુધી બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

૧૧. **માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

આજે ઉપસ્થિત કરવામાં આવેલ, પોઈન્ટ ઓફ ઓર્ડર અને ઔચિત્યભંગના મુદ્દાનો મુલતવી રાખેલ નિર્ણય વિધેયક ક્રમાંક–૧૨ની ચર્ચા દરમ્યાન, આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકવાની બાબતમાં ભારતના બંધારણની કલમ–૧૫૧ની જોગવાઈ મુજબ સી.એ.જી. પોતાના અહેવાલો રાજયપાલને રજૂ કરે છે અને રાજયપાલ તે અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની કાર્યવાહી કરાવે છે. સુસ્થાપિત થયેલી સંસદીય પ્રણાલિ અનુસાર સી.એ.જી.ના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકાય કે તરત જ ગૃહની જાહેર હિસાબ સમિતિને સોંપાયેલા ગણાય છે અને તેના ઉપર આ સમિતિ ચર્ચા–વિચારણા કરી તેનો અહેવાલ સભાગૃહને રજૂ કરે છે. આ પધ્ધતિ યુ.કે.ના હાઉસ ઓફ કોમન્સ, ભારતની લોકસભા અને અન્ય રાજયોના વિધાન મંડળોમાં પ્રસ્થાપિત થયેલી છે. જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ વિરોધપક્ષના સભ્યશ્રી હોય છે. આમ સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકવાથી શરૂ કરીને જાહેર હિસાબ સમિતિના અહેવાલો ગૃહ સમક્ષ રજૂ થાય ત્યાં સુધીની સમગ્ર પ્રક્રિયામાં સી.એ.જી.ના અહેવાલો ઉપર ચર્ચા થતી નથી. પૂરોગામી અધ્યક્ષનો નિર્ણય સૂચનાના ભાગરૂપે હતો, બંધારણ કે વિધાનસભાના નિયમો હેઠળ સી.એ.જી.ના અહેવાલો ચોકકસ કયા સમયે ગૃહ સમક્ષ મૂકવા તે અંગે કોઈ જોગવાઈ નહીં હોવાથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાનો સ્વીકાર કરી અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં કોઈ નિયમ કે સંસદીય પ્રણાલિનો ભંગ થતો નથી એમ જણાવ્યું.

વધુમાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ ઔચિત્ય ભંગના મુદ્દા પર નિર્ણય આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ ઉપર મૂકાયા પહેલાં અહેવાલોમાં સમાવિષ્ટ વિગતોની પ્રસિધ્ધિ

પ્રચાર માધ્યમોમાં કરીને વિરોધપક્ષના નેતાશ્રીએ ગૃહના ઓચિત્યનો ભંગ કર્યો છે. મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ પણ નિર્ણયો કર્યા છે કે, કોઈપણ અહેવાલ ગૃહના મેજ પર મૂકાયા બાદ જ નિયમ–૬૧ હેઠળ જાહેર દસ્તાવેજ બને છે. પ્રસ્તુત કિસ્સામાં સી.એ.જી.ના અહેવાલો ગૃહના મેજ પર મૂકાયા તે પહેલાં તેની વિગતોની પ્રસિધ્ધિ પ્રચાર માધ્યમોમાં કરવાથી ગૃહના ઔચિત્યનો ભંગ થાય છે. આ ઉપરાંત વિરોધપક્ષના ઉપનેતાશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની બેઠકના બહિષ્કાર સંબંધે તેઓશ્રીને તા.૨૬–૩–૨૦૧૨ના રોજ લખેલ પત્રની શબ્દસહ પ્રસિધ્ધિ પ્રચાર માધ્યમોમાં કરીને તેમણે પણ ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે તેમ જણાવી ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા વિરોધપક્ષના નેતા તથા વિરોધપક્ષના ઉપનેતાને જણાવ્યું અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર અને ઔચિત્ય ભંગના મુદ્દાઓનો સ્વીકાર કર્યો.

## ગુરૂવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૧૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **જાહેર અગત્યની બાબત પર નિવેદન (નિયમ–૪૪)**

માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે, "ગૌણ ખનિજની રોયલ્ટી વસૂલાત રાહત યોજના" બાબતમાં નિવેદન વાંચીને કર્યું અને ઉપસ્થિત થયેલાં પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૨) ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૩) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૪) સરદાર સરોવર લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૫) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૬) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૭) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૮) ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૯) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૧૦) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ,

(૧૨) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો,

(૧૩) ગુજરાત વિદ્યુત આયોગનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો,

(૧૪) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતના વિભાગના સન ૧૯૮૬ની ગ્રાહક સંરક્ષણ અધિનિયમ અન્વયેની તા.૮–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક– જીટીએચ– ૨૦૧૧– ૪૩– સીપીએ– ૧૦૨૦૦૯– ૪૩૦૨૫૧–ડી,

(૧૫) ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની,–

૧) તા.૨–૪–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–જીજી– ૧૬–૨૦૧૧– એમએલએસ– ૨૦૦૭–૧૬૧૩– ઈ.૧

૨) તા.૨૪–૧–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક– જીજી– ૦૪– વીડીઆર–૨૦૦૬– ૨૯૫૩– ઈ.૧

૩)તા.૨૦–૩–૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૭૮૧ (અગ્રતાક્રમ–૧૧૩)ના જવાબ ખંડ–૧માં સુધારો કરવા બાબત.

૪. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક**

(૧) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૨નું ગુજરાત તબીબી સારવારની સેવા આપતી વ્યકિતઓ અને તબીબી સારવારની સેવા આપતી સંસ્થાઓ (હિંસા અને મિલકતને નુકશાન અથવા હાનિ થતી અટકાવવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક–૯ – સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક (ચર્ચા અધૂરી)

આ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ મંતવ્ય વ્યકત કર્યા બાદ, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ આ વિધેયક પરની ચર્ચા આવતી કાલે રાખવામાં આવે તેવી વિનંતી કરતા માનનીય સભાપતિશ્રીએ ચર્ચા મુલતવી રાખી.

૫. **બિન સરકારી વિધેયકો**

(અ) પહેલા, બીજા અને ત્રીજા વાચનના બિન સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક– ૩૫– સન ૨૦૧૧નું ગુજરાત રોઝડા સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી કમાભાઈ રાઠોડ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પરની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૨) સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક– ૧૧– સન ૨૦૧૧નું ગુજરાત રમતવીર પ્રોત્સાહન વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું. માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી મફતભાઈ પુરોહિતે સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક– ૧૪– સન ૨૦૧૧નું જાહેર સંસ્થાઓએ ગુજરાત જોડણીનો સાચો ઉપયોગ કરવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું. માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી મફતભાઈ પુરોહિતે આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લેવામાં આવ્યું.

(૪) સન ૨૦૧૧નું વિધેયક ક્રમાંક– ૩૩– સન ૨૦૧૧નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકના પ્રભારી સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પરની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

**શુક્રવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૨**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તથા છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી અને દશમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

બેઠકની શરૂઆતમાં જ અગ્રતાક્રમ–૧ પરના પ્રશ્નની પૂરક પ્રશ્નોત્તરી દરમ્યાન, વિરોધપક્ષના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારે સભામોકૂફીની ૧૦૮ની આપેલ નોટીસ બાબતમાં રજૂઆત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પરવાનગી આપેલ નથી અને તે અંગેનો જવાબ આપને મોકલી આપેલ છે તેમ જણાવેલ હતું. ત્યારબાદ, પ્રશ્ન અગ્રતા–૧ ઉપરની પૂરક પ્રશ્નોત્તરી દરમ્યાન, સભ્યશ્રી અમિતભાઈ ચાવડા, શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર અને શ્રી જોધાજી ઠાકોર પણ ઉભા થઈ રજૂઆતમાં જોડાયા હતા અને ચારેય સભ્યશ્રીઓ હાથમાં બેનરો લઈ સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ હેઠળ આજની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે, "ગુજરાત સરકાર ધ્વારા ગુજરાતના બી.પી.એલ. અને અંત્યોદય યોજના હેઠળના ગરીબ લાભાર્થીઓને તહેવારો દરમ્યાન ઓછી કિંમતે તેલનું વિતરણ કરવા" બાબતમાં નિવેદન કર્યું.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ તથા ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૯–૨૦૧૦ અને સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલી પ્રાપ્તિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓની સ્પષ્ટીકરણાત્મક યાદી

(૩) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૨–૨૦૦૩નો વાર્ષિક અહેવાલ

(૪) અમદાવાદ શહેરમાં બનેલ લઠ્ઠાકાંડના બનાવની તપાસ માટે રાજય સરકારે નિમેલ નિવૃત્ત ન્યાયાધીશ શ્રી કમલ મહેતા તપાસ પંચનો અહેવાલ

(૫) શિક્ષણ વિભાગની,–

૧) સન ૧૯૪૭ના ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અન્વયેની તા.૧૮–૧–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચ– એસએચ– ૨– પીઆરઈ– ૧૧૧૧– સીંગલ ફાઈલ– ૩.ક

૨) સન ૨૦૦૯ના બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ અન્વયેની તા.૧૪–૭–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંકઃ– જીએચ– એસએચ– ૩૧– ૨૦૧૧– જેએસબી– ૧૨૧૦– એન.

## ૪. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

તા.૨૯–૩–૧૨ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાના વકતવ્ય બાદ મુલતવી રહેલ, સન ૨૦૧૨નું વિધેયક ક્રમાંક– ૯– સન ૨૦૧૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

## ૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ, આજની પ્રશ્નોત્તરી સમય દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારે તેમજ અન્ય ત્રણ સભ્યશ્રીઓએ તેઓશ્રીની નિયમ–૧૦૮ની સભામોકૂફીની નોટિસ અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી હોવા છતાં સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમાર તેમજ અન્ય ત્રણ સભ્યશ્રીઓ કેગના અહેવાલો રજૂ કરવા બાબતમાં હાથમાં બેનરો લઈ સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ઘસી ગયા હતા તેમજ આ કેગના અહેવાલો ગૃહમાં રજૂ થયા બાદ જાહેર હિસાબ સમિતિ કે જેના ચેરમેન વિરોધપક્ષના જ હોય છે તે તેની તપાસ કરતી હોઈ, સુપ્રસ્થાપિત પ્રણાલિ અનુસાર સભાગૃહમાં કયારેય આ અહેવાલો પર ચર્ચા થતી નથી. તેમજ કેગના અહેવાલો સભાગૃહના મેજ ઉપર કયારે મૂકવા તે બાબતે બંધારણ કે નિયમો હેઠળ કોઈ નિશ્ચિત સમયમર્યાદા નથી તેમ જણાવી, વિરોધપક્ષ ધ્વારા આ અહેવાલો ગૃહમાં સમયસર મૂકાયા નથી તેવી મીડિયા સમક્ષ કરાયેલી જાહેરાત ગેરમાર્ગે દોરનારી છે, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે, પ્રશ્નોત્તરી દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારે નિયમ–૧૦૮ની નોટિસ સવારે તેઓશ્રીના કાર્યાલયને આપી હતી જે નિયમ–૧૦૮ અને ૧૦૯ની જોગવાઈઓને સંતોષતી ન હોવાથી નામંજૂર કરી હતી અને તેની જાણ સભ્યશ્રીને કરવા છતાં, તેમની સાથે વિરોધપક્ષના ત્રણેય સભ્યશ્રીઓ હાથમાં બેનરો લઈ વેલમાં ઘસી આવતાં નાછૂટકે નિયમ–૫૧ હેઠળ આજના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરી સભાગૃહ છોડી જવા આદેશ કર્યો હતો. તેમજ કેગના અહેવાલો મેજ પર મૂકવા બાબતમાં તા.૨૮–૩–૧૨ના રોજ વિગતવાર નિર્ણય આપ્યો હતો ત્યારે આ સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી આ બાબતની તેઓને જાણ નહીં હોય તેમ જણાવી, તે નિર્ણયની પુનરોકિત કરી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીના પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરી વિરોધપક્ષના સભ્યશ્રીઓને તેઓશ્રી ઠપકો આપે છે તેમ જણાવ્યું.

## ૬. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

સભ્યશ્રી વસંતકુમાર ભટોળે, નિયમ–૧૦૨ અન્વયે, "ધર્મ આધારિત અનામતની નીતિ બંધારણની વિરૂધ્ધ હોઈ કેન્દ્ર સરકારનો સદરહુ નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવાની રજૂઆત કરવા સભાગૃહમાં ચર્ચા વિચારણા કરવા" અંગેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચા પૂરી થઈ.

**૭.** સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

## ૮. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ "વંદે માતરમ" રાષ્ટ્રગીતની ધૂન બજાવવામાં આવી.

બપોરના ૧૨.૦૭ વાગ્યે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રહી.

# પત્રક ક્રમાંક :–૨૫

## (જુઓ ફકરા ક્રમાંક :–૩૩)

સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ પત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજયપાલ –શ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | બિન સરકારી સંકલ્પો | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાનસભા ની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકુફી પ્રસ્તાવ પર ચર્ચા | મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો. સરકારી તેમજ **બિન સરકારી** સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧ | ભાનુશાલી, શ્રી જયંતિલાલ પરસોત્તમ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨ | સેંધાણી, શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩ | આહિર, શ્રી વાસણભાઈ ગોપાલભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪ | મહેશ્વરી, શ્રી રમેશ વચ્છરાજ | – | – | – | – | – | – | – | ૧ | – | – | – | ૧ |
| ૫ | આચાર્ય, ડો.નીમાબેન ભાવેશભાઈ | ૧ | – | ૪ | – | – | – | – | ૧ | – | ૧ | – | ૭ |
| ૬ | શાહ, શ્રી બાબુભાઈ મેઘજી | ૬ | ૧ | ૭ | – | – | – | – | – | – | – | ૧ | ૧૫ |
| ૭ | ટુંડિયા, શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮ | દોશી, શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૯ | રાણા, શ્રી કિરીટસિંહ જીતુભા (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦ | ખોરાણી, શ્રી ભરતભાઈ વશરામભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧ | ફતેપરા, શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨ | પટેલ, શ્રી હરીલાલ મોહનલાલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩ | અમૃતિયા, શ્રી કાંતીલાલ શીવલાલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪ | કુંડારિયા, શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫ | પીરઝાદા, શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬ | બોઘરા, શ્રી ભરતભાઈ ખોડાભાઈ | ૧ | – | ૩ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૬ |
| ૧૭ | પટેલ, શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૧૮ | વાળા, શ્રી વજુભાઈ (મંત્રીશ્રી) | ૬ | – | ૭ | – | – | – | – | – | – | – | ૭ | ૨૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | બાબરીયા, શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ | – | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |
| ૨૦ | વધાસીયા, શ્રી ચંદુભાઈ બચુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૧ | કોરાટ, શ્રીમતી જસુબેન સવજીભાઈ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| **૨૨** | રાદડીયા, શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૩ | માકડિયા, શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૪ | પટેલ, શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૨૫ | ત્રિવેદી, પ્રો. વસુબેન (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૨૬ | સોલંકી, શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૭ | ફળદુ, શ્રી આર.સી. | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૮ | જાડેજા, શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૯ | આયરબેરા, શ્રી મુળુભાઈ હરદાસભાઈ | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૩૦ | કણઝારીયા, શ્રી મેઘજી ડાયા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૧ | માણેક, શ્રી પબુભા વિરમભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૨ | મોઢવાડીયા, શ્રી અર્જુનભાઈ દેવાભાઈ | ૪ | ૨ | ૭ | – | – | – | – | – | – | – | ૧૦ | ૨૩ |
| ૩૩ | ઓડેદરા, શ્રી કરશનભાઈ દુલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૪ | કરગટીયા, શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૫ | ચાવડા, શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૬ | મકવાણા, શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૩૭ | બારડ, શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૮ | જોટવા, શ્રી રાજસીભાઈ વીરાભાઈ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૫ |
| ૩૯ | રાઠોડ, શ્રી કાળુભાઈ ચનાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૦ | ભાલાળા, શ્રી કનુભાઈ મેપાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૧ | રાજાણી, શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૨ | મશરૂ, શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ | | | | | | | | | | | | |
| ૪૩ | ઉંધાડ, શ્રી બાવકુભાઈ નાથાભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪ | ધોરાજીયા, શ્રી હનુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૫ | સંઘાણી, શ્રી દિલીપભાઈ (મંત્રીશ્રી) | ૧ | – | – | – | – | – | – | ૧ | – | ૨ | ૨૧ | ૨૫ |
| ૪૬ | ભુવા, શ્રી મનસુખભાઈ પાંચાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૭ | બારડ, શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪૮ | સોલંકી, શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૯ | પટેલ,શ્રી સૌરભ(રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૨ | – | ૪ | – | – | – | – | – | – | – | ૨ | ૮ |
| ૫૦ | પરમાર, શ્રી આત્મારામ મકનભાઈ | ૪ | ૧ | ૭ | – | – | – | – | – | – | – | – | ૧૨ |
| ૫૧ | સરવૈયા, શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૫૨ | નાકરાણી, શ્રી કેશુભાઈ હીરજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૩ | વીરાણી, શ્રી કાળુભાઈ | – | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૩ |
| ૫૪ | કલસરીયા, ડો.કનુભાઈ વાલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૫ | મકવાણા, શ્રીમતિ ભાવનાબેન રાઘવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૬ | સોલંકી, શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૭ | દવે, શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૫૮ | ગોહિલ, શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ (વિરોધપક્ષના નેતાશ્રી) | ૬ | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૧૨ | ૨૦ |
| ૫૯ | મેર, શ્રી રણછોડભાઈ કરશનભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૦ | તળપદા, શ્રી કાનજીભાઈ રાયાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૧ | લકુમ, શ્રી કાંતિલાલ રામાભાઈ | – | – | ૩ | – | – | – | – | ૧ | – | ૧ | – | ૫ |
| ૬૨ | પટેલ, શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ | ૨ | ૧ | ૪ | – | – | – | – | – | – | – | – | ૭ |
| ૬૩ | રાઠોડ, શ્રી કમાભાઈ ગગજીભાઈ | – | – | – | – | – | ૧ | – | – | – | – | – | ૧ |
| ૬૪ | શાહ, શ્રી અમિત | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૫ | પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૬ | ચૌહાણ, શ્રી કલયાણસિંહ દેહરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૭ | પટેલ, શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૬૮ | શાહ, શ્રી રાકેશ | ૨ | ૨ | ૩ | – | – | – | – | – | – | – | – | ૭ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૯ | બારોટ, શ્રી ભરતકુમાર ચીમનલાલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૦ | શેખ, શ્રી ગ્યાસુદીન હબીબુદીન | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૧ | શેખ, શ્રી મોહંમદ ફારૂક હુસેનમીયાં | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૭૨ | જાડેજા, શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૧૭ | ૧૭ |
| ૭૩ | કાકડિયા, શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ | – | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૭૪ | પરમાર, શ્રી શૈલેષ મનહરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૫ | ભટ્ટ, શ્રી ભૂષણ અશોકભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૭૬ | ખેડાવાલા, શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૭ | મોદી, શ્રી નરેન્દ્ર દામોદરદાસ (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૩ | ૩ |
| ૭૮ | કોડનાની, ડો.માયાબેન સુરેન્દ્રકુમાર | – | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૨ |
| ૭૯ | ઠાકોર, શ્રી શંભુજી | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૮૦ | પટેલ, શ્રી સુરેશકુમાર ચતુરદાસ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૧ | પટેલ, શ્રી નીતિનકુમાર રતીલાલ (મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૮ | ૧૦ |
| ૮૨ | પરમાર, શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૩ | પટેલ, શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ | ૨ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૬ |
| ૮૪ | ઠાકોર, શ્રી બાબુસિંહજી મોહનસિંહજી **(પેટા ચૂંટણી– માર્ચ–૨૦૧૨)** | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૫ | પટેલ, શ્રી કાંતિભાઈ રામાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૬ | પટેલ, શ્રી ઋષિકેશ ગણેશભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૮૭ | ડાભી, શ્રી ભરતસિંહજી શંકરજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૮ | પટેલ, શ્રી નારાયણભાઈ લલ્લુભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | ૫ | – | ૬ |
| ૮૯ | વ્યાસ, શ્રી જયનારાયણ (મંત્રીશ્રી) | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૪ | ૭ |
| ૯૦ | ઠાકોર, શ્રી જોધાજી ગુલાબજી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૧ | પટેલ, શ્રીમતી આનંદીબેન મફતભાઈ (મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૯૨ | પટેલ, શ્રી રજનીકાન્ત સોમાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૯૩ | રાઠોડ, શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૪ | ચૌધરી, શ્રી શંકરભાઈ લગધીરભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૯૫ | પટેલ, શ્રી પરબતભાઈ સવાભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૬ | માળી, શ્રી અનિલકુમાર અમૃતલાલ | ૧ | – | ૧ | – | – | ૧ | – | ૧ | – | – | – | ૪ |
| ૯૭ | દેસાઈ, શ્રી બાબુભાઈ જેસંગભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૯૮ | વાઘેલા, શ્રી લીલાધરભાઈ ખોડાજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૯૯ | પુરોહિત, શ્રી મફતલાલ મોતીરામ | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૦૦ | પ્રજાપતિ, શ્રી ગોવિંદભાઈ માધવલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૦૧ | વાઘેલા, શ્રી ફકીરભાઈ રઘાભાઈ, (મંત્રીશ્રી) | – | ૨ | ૨ | – | – | ૧ | – | – | – | – | – | ૫ |
| ૧૦૨ | ભટોળ, શ્રી વસંતકુમાર પરથીભાઈ | – | – | ૪ | – | – | ૧ | – | – | – | – | – | ૫ |
| ૧૦૩ | કોટવાલ, શ્રી અશ્વિન | – | – | – | – | – | – | – | – | – | – | ૩ | ૩ |
| ૧૦૪ | વોરા, શ્રી રમણલાલ ઈશ્વરલાલ (મંત્રીશ્રી) | ૭ | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૯ |
| ૧૦૫ | જોષીયારા, શ્રી અનિલ જાલજીભાઈ | ૧ | ૧ | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૬ |
| ૧૦૬ | પટેલ, શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | ૨ | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૦૭ | ચૌહાણ, શ્રી જયસિંહજી માનસિંહજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૮ | પરમાર, શ્રી દિલીપસિંહજી વખતસિંહજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૦૯ | ઝાલા, શ્રી ઉદેસિંહ પુંજાજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૦ | વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૧ | પરમાર, શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૨ | મછાર, શ્રી દીતાભાઈ ભીમાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૩ | કિશોરી, શ્રી બચુભાઈ નાથાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૧૪ | પણદા, શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૫ | બારીયા, શ્રીમતી ચંદ્રિકાબેન છગનભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૧૬ | મહારાઉલ, શ્રી તુષારસિંહ કનકસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૭ | ચૌહાણ, શ્રી ફતેસિંહ વખતસિંહ | – | – | – | – | – | – | – | – | – | ૧ | – | ૧ |
| ૧૧૮ | પરમાર, શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૯ | રાઠોડ, શ્રી અરવિંદસિંહ દામસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨૦ | રાઉલજી, શ્રી સી.કે. | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૨૧ | ભરવાડ, શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૨૨ | પટેલ, શ્રી હીરાભાઈ હરિભાઈ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૧૨૩ | ભાભોર, શ્રી જશવંતસિંહ સુમનભાઈ, (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨૪ | ચૌહાણ, શ્રી માનસિંહ કોહયાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૫ | પટેલ, શ્રી મણીભાઈ દેવજીભાઈ | – | ૧ | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૬ | પરમાર, શ્રી રામસિંહ પ્રભાતસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૭ | વડોદીયા, શ્રી લાલસિંહ ઉદેસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૮ | ડાભી, શ્રી કનુભાઈ ભુલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨૯ | ચૌહાણ, શ્રી સુંદરસિંહ ભલાભાઈ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૦ | ઠાકોર, શ્રી નટવરસિંહ ફૂલસિંહ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૧ | દેસાઈ, શ્રી પંકજકુમાર વીનુભાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૭ | ૭ |
| ૧૩૨ | વાઘેલા, શ્રી શંકરભાઈ દેસાઈભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૩ | પટેલ, શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૪ | પટેલ, શ્રી જયંતભાઈ રમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૫ | પટેલ, શ્રી નિરંજન | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૬ | રોહિત, શ્રી અંબાલાલ આશાભાઈ (નાયબ મુ. દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૭ | ચૌહાણ, શ્રી દેવુસિંહ જેસીંગભાઈ | – | – | ૨ | – | – | – | ૨ | – | – | – | ૧ | ૫ |
| ૧૩૮ | ચાવડા, શ્રી અમિતકુમાર અજિતકુમાર | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૯ | પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૪૦ | શુક્લ, શ્રી શિરિષકુમાર મધુસુદન | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૧ | રાઠવા, શ્રી ગુલસીંગભાઈ રંગલાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૪૨ | રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૫ |
| ૧૪૩ | ભીલ, શ્રી ધીરૂભાઈ ચુનીલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૪ | તડવી, શ્રી અભેસિંહ મોતીભાઈ | – | – | ૪ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૬ |
| ૧૪૫ | પટેલ, શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ | – | – | ૬ | – | – | – | – | – | – | – | ૫ | ૧૧ |
| ૧૪૬ | ચૌહાણ, શ્રી ખુમાનસિંહ રાયસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૭ | લાખાવાળા, શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ | ૧ | ૧ | ૩ | – | – | – | – | – | – | ૧ | ૧ | ૭ |
| ૧૪૮ | સુખડીયા, શ્રી જીતેન્દ્ર (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૯ | પટેલ, શ્રી યોગેશ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૦ | શ્રીવાસ્તવ, શ્રી મધુભાઈ બાબુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૧ | ગોહિલ, શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૨ | પટેલ, શ્રી દિનેશભાઈ બી. | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૩ | ડાભી, શ્રી ચંદુભાઈ મોતીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૪ | મકવાણા, શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ | – | ૨ | ૧ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૫૫ | પટેલ, શ્રી ઈકબાલ | ૧ | – | ૭ | – | – | – | – | – | – | – | ૧૨ | ૨૦ |
| ૧૫૬ | પટેલ, શ્રી દુષ્યંતભાઈ રજનીકાન્ત | ૧ | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૫૭ | પટેલ, શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૮ | વસાવા, શ્રી છોટુભાઈ અમરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૯ | વસાવા, શ્રી અમરસિંહ રામસિંહ | ૧ | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૦ | વસાવા, શ્રી હર્ષદભાઈ ચુનીલાલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૧ | વસાવા, શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૨ | વસાવા, શ્રી ગણપતભાઈ વેસ્તાભાઈ (અધ્યક્ષશ્રી) | | | | | | | | | | | | |
| ૧૬૩ | વસાવા, શ્રી પ્રભુભાઈ નાગરભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૪ | ગામીત, શ્રી પુનાભાઈ ઢેડાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૫ | વહીઆ, શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૬ | હળપતિ, શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૭ | રાઠોડ, શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૮ | પટેલ, શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬૯ | વાનાણી, શ્રી નાનુભાઈ ભગવાનભાઈ | – | ૧ | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૫ |
| ૧૭૦ | ગિલીટવાલા, શ્રી રણજીતભાઈ મંગુભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૧ | વાંકાવાલા, શ્રી કિશોર | ૨ | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૭ |
| ૧૭૨ | પટેલ, શ્રી નરોત્તમભાઈ (મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | ૨ | – | – | ૨ | ૫ |
| ૧૭૩ | પટેલ, શ્રી આર.સી. | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૪ | પટેલ, શ્રી મંગુભાઈ છગનભાઈ (મંત્રીશ્રી) | – | ૨ | ૧ | – | – | – | – | ૧ | – | – | ૩ | ૭ |
| ૧૭૫ | પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ | – | ૧ | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૭૬ | પટેલ, શ્રી નરેશભાઈ મગનભાઈ | – | – | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૭૭ | પટેલ, શ્રી વિજયભાઈ રમેશભાઈ | – | ૧ | ૨ | – | – | – | ૨ | ૧ | – | – | – | ૬ |
| ૧૭૮ | દેસાઈ, શ્રી દોલતરાય નાથુભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૯ | ચૌધરી, શ્રી છનાભાઈ કોળુભાઈ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૮૦ | ચૌધરી, શ્રી જીતુભાઈ હરજીભાઈ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૮૧ | પટેલ, શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર (દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૮૨ | પાટકર, શ્રી રમણલાલ નાનુભાઈ | – | – | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |

C:\Users\admin.admin-PC\Desktop\kamkaj no tu ko aheval\tenth\KAMKAJ NO TU KO AHEVAL 10TH.docx

## પત્રક ક્રમાંકઃ–૨૬
## (જુઓ ફકરા ક્રમાંકઃ–૩૪)

### સત્ર દરમ્યાન નીચે દર્શાવેલ કુલ ૮ (આઠ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | સ્વ. પ્રો. મંગળભાઇ માધવદાસ પટેલ ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય અને પૂર્વ અધ્યક્ષશ્રી | ૧૫/૧૧/'૧૧ | ૨૩/૦૨/'૧૨ | સદગત મહાનુભાવને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું અને ગૃહની બેઠક મુલતવી રહી હતી. |
| ૨ | સ્વ.શ્રી મગનભાઇ રણછોડભાઇ બારોટ ગુજરાત રાજયના પૂર્વ મંત્રી અને ભારત સરકારના પૂર્વ નાયબ મંત્રીશ્રી | ૨૭/૧૨/'૧૧ | –"– | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યુ હતું. |
| ૩ | સ્વ.શ્રી નાથાલાલ પ્રેમજીભાઇ ભાણવડિયા (પટેલ) ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૭/૦૯/'૧૧ | –"– | –"– |
| ૪ | સ્વ. ડૉ. સોમાભાઇ છકકડભાઇ દેસાઇ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૩/૦૧/'૧૨ | –"– | –"– |
| ૫ | સ્વ.શ્રી હસમુખલાલ મણિલાલ વોરા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૭/૦૯/'૧૧ | –"– | –"– |
| ૬ | સ્વ.શ્રી માલજીભાઇ સગરામભાઇ ડાભી ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૨/૧૨/'૧૧ | ૨૯/૦૨/'૧૨ | –"– |
| ૭ | સ્વ.શ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૩/૦૩/'૧૨ | ૨૨/૦૩/'૧૨ | –"– |
| ૮ | સ્વ.શ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૪/૦૩/'૧૨ | –"– | –"– |